કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • 10, May 2023 | ₹ 30

# વિશ્વકર્મા વિશ્વ




રવિ ટેકનોફોર્જના અનુદાનથી

## ઉપલેટાના મનોદિવ્યાંગ બાળકોને મળ્યુ પોતીકુ ઘર



## પોરબંદરમાં બાલા હનુમાન જયંતીની શાનદાર ઉજવણી

# મારા જન્મદિનની ઉજવણી જિંદગીનું યાદગાર સંભારણું બની

- પ્રવીણ ગજજર



વિશ્વકર્મા પ્રભુજી મંદિરમાં 'દાદા'ના સાંનિધ્યમાં જન્મદિનની ઉજવણી થાય અને એ ઉજવણી પણ સમગ્ર સમાજ કરે એવુ સદ્દભાગ્ય ભાગ્યે જ કોઈને પ્રાપ્ત થાય. તા. ૯ એપ્રિલના રોજ આવુ સદ્દભાગ્ય મને પ્રાપ્ત થયું અને આ વર્ષનો મારો જન્મદિવસ અત્યાર સુધીના જીવનનો શ્રેષ્ઠ અને યાદગાર જન્મદિવસ બની રહયો.



રસીકભાઈ બદ્રકિયા અને પ્રવીણ ગજજરે એકબીજાના મોં મીઠા કર્યા હતા.



જગુભાઈ ભારદીયાનું મોં મીઠું કરાવતા પ્રવીણ ગજજર

વાત એમ બની કે પોરબંદરમાં કેતનભાઈ ગજજર દ્વારા 'બાલા હનુમાન' જયંતીની દર વર્ષે થતી હનુમાન જયંતીની ઉજવણીમાં જતા હતા. આ સમયે ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઈ બદ્રકિયાએ મને કહયું ૯ તારીખે રાજકોટમાં પ્રથમવાર ધુન મંડળના પ્રમુખ કુસુમબેન સાંકડેચા અને અન્ય બહેનો દ્વારા સ્નેહમિલન અને બહેનો દ્વારા સત્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યુ છે અને તમારે પરિવાર સાથે આવવાનું છે. આ તકે મેં રસીકભાઈને કહયું, SORRY રસીકભાઈ ૯ તારીખે મારો જન્મદિવસ છે. અને મારા પરિવાર સાથે ૨ દિવસ બહાર જવાનુ નકકી કર્યું છે. આ તકે રસીકભાઈ બદ્રકિયાએ કહયુ બહેનોનું પ્રથમ જ આયોજન છે . તમારે ક્યાંય જવાનું નથી તમે સમાજને ઘણો સહયોગ આપો છો. આ વર્ષે તમારા જન્મદિવસની ઉજવણી દાદાના સાંનિધ્યમાં સમગ્ર સમાજ કરશે. અમારી સાથે રહેલા જગુભાઈ ભારદીયા, હર્ષદભાઈ બકરાણિયા, ધનજીભાઈ પંચાસરા, નીતિનભાઈ બદ્રકિયાએ પણ રસીકભાઈની વાતને વધાવી લીધી. મને થયુ રસીકભાઈની વાતમાં દાદાનો કોઈ સંકેત અને પ્રેરણા જ હશે નહીંતર પાંચમી તારીખે યોજાનાર બહેનોના પ્રથમ સ્નેહમિલન અને સન્માન કાર્યક્રમની તારીખ ૯ એપ્રિલ શા માટે નકકી થાય ? અને આમ ૯ તારીખે બહેનો દ્વારા યોજાયેલ સ્નેહમિલન-સન્માન સમારંભમાં જ મારો જન્મદિવસ ઉજવવાનો નિર્ણય લેવાયો. અને બહેનો દ્વારા યોજાયેલ તમામ સંસ્થાના હોદ્દેદારોના સન્માન કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મારા પરિવાર અને રસીકભાઈ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઈ, રાજકોટની તમામ જ્ઞાતિ સહયોગી સંસ્થાના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં કેક કાપવામાં આવી ત્યારે સૌના તાલીઓના ગડગડાટથી મંદિરનું પરિસર ગાજી ઉઠયું.

તમામ સંસ્થાના હોદ્દેદારો સભ્યોના હાથે કેક ખાવાનુ અને બધાને ખવડાવવાનું સદ્દભાગ્ય પ્રાપ્ત થયું. જન્મદિનની ઉજવણી બાદ સૌએ મીષ્ટ ભોજન તો માણ્યુ જ સાથોસાથ મારા જન્મદિન નિમિત્તે રસીકભાઈ બદ્રકિયાએ બધાને આઈસ્ક્રીમની મોજ પણ કરાવી. આવી રીતે મારા ૭૧માં જન્મદિનની ઉજવણી મારી જિંદગીનું યાદગાર સંભારણું બની રહી. મારી પત્ની નીતા, પુત્ર પાર્થ, પુત્રવધુ સમતા, વ્યાના અને શ્રીવા પણ આ યાદગાર સંભારણાના સાક્ષી બન્યા હતા.

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-12, Issue No.4
Date : 10-05-2023

Page : 32
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# ગુજરાતમાં વિશ્વકર્મા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના જરૂરી

વિશ્વકર્મા પરિવારના લોહીમાં કલા કારીગરી અને કૌશલ્યતા ભળેલી છે દેશની ઈન્ડસ્ટ્રીઝ અને તેને સંલગ્ન વેપાર ધંધામાં પણ વિશ્વકર્મા પરિવારનું સિંહ યોગદાન છે. ઈન્ડસ્ટ્રીઝ વેપાર ધંધામાં વિશ્વકર્મા પરિવારનું મહત્વનું યોગદાન હોવા છતાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ કે વિવિધ શહેરોમાં આવેલ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં વિશ્વકર્મા પરિવારનું અસરકારક પ્રતિનિધિત્વની ઉણપ વર્ષોથી ચાલે છે. આવી પરિસ્થિતિમાં વિશ્વકર્મા પરિવાર દ્વારા ચાલતી ઈન્ડસ્ટ્રીઝ કે વેપાર ધંધાનો અસરકારક અવાજ ઉભો થાય તે આજના સમયની જરૂરીયાત છે. આ જરૂરીયાત સંતોષાય તે માટે ગુજરાતમાં વિશ્વકર્મા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના જરૂરી છે. રાજયભરની ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં વિશ્વકર્મા પરિવારની થતી અવગણનાને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં વિશ્વકર્મા ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝમાં સ્થાપના કરવામાં આવશે તો વિશ્વકર્મા પરિવારની ઈન્ડસ્ટ્રીઝ અને વેપાર ધંધાને એક પ્લેટફોર્મ મળશે. વિશ્વકર્મા પરિવામાં અનેક એવા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો અને વેપારીઓ છે. જેઓ પોતાની સફળતાના અનુભવોને આધારે ઈન્ડસ્ટ્રીઝ અને વેપાર ધંધા માટે અન્યોને પ્રોત્સાહિત કરી શકે તેમ છે. આમ વિશ્વકર્મા પરિવારની ઈન્ડસ્ટ્રીઝ અને વેપારીને અસરકારક પ્લેટફોર્મ મળે તે માટે ગુજરાતમાં વિશ્વકર્મા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરવી અનિવાર્ય છે. સમાજના ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો–વેપારીઓ અને સમાજના સર્વાંગી વિકાસ માટે સતત ચિંતાશીલ છે. તેઓ આ દિશામાં વિચાર કરી આવી સંસ્થાનું ગઠન કરશે તો વિશ્વકર્મા પરિવારની ઈન્ડસ્ટ્રીઝ અને વેપાર–ધંધાને અનેરૂ પ્લેટફોર્મ મળી રહેશે. આવુ થાય તેવી વિશ્વકર્મા પ્રભુજીને પ્રાર્થના...

PDGajjar
◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

# 'વાતોનું વિચારવા જેવું વિજ્ઞાન - ર'

ડો. વિષ્ણુ એમ. પ્રજાપતિ

વાત વિશેની વાત આગળ વધારીએ. ગત લેખમાં વાત-વિચાર પર વિશ્લેષણ કરેલું. વાતોનું વૈવિધ્યસભર વિજ્ઞાન, વાતોના પ્રકાર, વાતો કરવાનું મન, વાતોનો ઉદ્દભવ વગેરે પર ચર્ચા કરી હતી. હવે વાત કરવાની કળા અને પ્રભાવશાળી વાતચીત કરવાના પાયાના નિયમો વિશે જાણીએ. આજે લોકો ઈફેક્ટીવ પર્સનાલીટી વિશે જાણવા અને તેને અનુસરવા ઉત્સુક હોય છે. દરેક લોકો પોતાનું વ્યક્તિત્વ પ્રભાવશાળી બને તે ઇચ્છતા હોય છે. પ્રભાવશાળી વ્યક્તિત્વના જુદા જુદા પાસામાં અસરકારક રીતે વાત કરવાની કળા ખૂબ જ મહત્વ ધરાવે છે. આપણું જ્ઞાન, આપણી આવડત અને આપણાં વિશે સામેનો વ્યક્તિ જે પણ ધારણા બાંધશે તેમાં આપણી વાતચીતની છટા ખૂબ જ અગત્યની છે. આજે લોકો પાસે જ્ઞાન અને આવડત છે, પણ તેને અસરકારક રીતે રજૂ કરવાની આવડત ઓછી હોવાને કારણે પોતાની ધારી સફળતા મેળવી શકતા નથી. એવું કહેવાય છે કે બાળક એક વર્ષનું થાય એટલે ધીરે ધીરે બોલતા શીખે છે પણ કેવી રીતે બોલવું તે શીખવામાં આખી જિંદગી નીકળી જાય છે. હકીકતમાં આપણાં બોલાયેલા શબ્દો જ આપણી ઓળખ બનતી હોય છે. આજે આપણે જે પણ લોકોથી પ્રભાવિત છીએ તેમાં તેમની પ્રભાવી વાણી અગત્યનો ભાગ ભજવે છે. અનેક કથાકારોમાં કોઇ એકાદ બે કથાકારોથી જ આપણે અભિભૂત કેમ થઇએ છીએ? ઘણાં વક્તાઓમાંથી કેટલાક વક્તાઓને જ સાંભળવા કેમ ગમે છે? કેટલાય નેતાઓમાંથી થોડાક નેતા કેમ ઝડપથી આગળ વધી જાય છે ? આપણી આજુબાજુના અનેક પરિચિતોમાંથી કોઇકની પાસે જ બેસવું કે તેની સાથે વાતચીત કરવી આપણને કેમ ગમે છે ? આ દરેકના પ્રશ્નોનો જવાબ શોધવા પ્રયત્ન કરીએ તો ખ્યાલ આવશે કે તે દરેકની પાછળ તેમની અસરકારક વાણીનો જ પ્રભાવ છે.






અસરકારક વક્તવ્ય અને અસરકારક વાતચીત બન્ને વચ્ચે ખૂબ જ મોટું અંતર છે. અસરકારક વાતચીત કરી શકનાર અસરકારક વક્તા ન પણ હોઇ શકે અને અસરકારક વક્તા વાતચીતમાં પારંગત પણ નથી હોતા. હા, એ ખરુ છે કે અસરકારક વક્તા અસરકારક વાતચીતની કળામાં પારંગત ઝડપથી બની શકે છે. વાતચીતની ઢબ, લઢણ, શબ્દોનો પ્રયોગ, ઉચીત સમયે ચોક્કસ વાત વગેરેની આવડત વ્યક્તવ્ય અને વાતચીત બન્નેમાં એટલી જ જરુરી છે. વ્યક્તવ્ય મોટી સભા કે ગ્રુપમાં વન વે ટ્રાફિક જેવું હોય છે. જેને વકતૃત્વ કળા કહીએ છીએ. કંપનીઓ કે પ્રોડક્ટ્સના પ્રમોશનમાં, રાજકારણમાં કે સભાઓ ગજવવામાં અસરકારક વક્તાની ખૂબ જ ડિમાંડ છે. જેમાં બોલનાર વ્યક્તિ પોતાના વિચારો અને તેનું જ્ઞાન પરિચિત કે અપરિચિત લોકો સામે એક દિશામાં વહેતું કરીને લોકોને આંજી દેવાના મૂડમાં હોય છે. તેમાં લોકો છેતરાય, પ્રલોભન અપાય કે અવળા માર્ગે ચઢી જાય તેનો તેમને કોઇ જ ફર્ક પડતો નથી. આ પ્રકારની ગોઠવણ બિઝનેસ એંગલથી ગોઠવાતી હોય છે. આ વ્યક્તવ્ય માર્કેટના માંધાતાઓએ શ્રોતાઓની સાયકોલોજીનો ખૂબ જ ઝીટવટપૂર્વક અભ્યાસ કર્યા પછી બનાવ્યા હોય છે. આજે માર્કેટની ઘણી પ્રોડક્ટ કે ખરેખર તો આપણા માટે બિનજરુરી છે, પણ તે ફક્ત આવી પ્રભાવશાળી માર્કેટીંગ પધ્ધતિને કારણે આપણા ઘરની શોભા બની ગઇ હોય છે.

ખેર, અત્યારે મારે આ પ્રકારના વ્યક્તવ્ય વિશે નહી પણ આપણી અંગત જિંદગીમાં રોજિંદી વપરાતી વાતચીતની કળા વિશે માહિતગાર કરવા છે. વાતચીત કોઇ બે વ્યક્તિ કે એક નાના ગ્રુપમાં પરસ્પરના સંવાદોની આપલે હોય છે. આ સંવાદો દ્વારા જીવનની હસી-ખુશી, પોતાના અનુભવો, જ્ઞાન અને નાની મોટી સુખ દુખની કહાનીઓ પ્રગટ થતી હોય છે. આ સંવાદોમાં કોઇ સક્રિય તો કોઇ સાવ નિષ્ક્રિય ભૂમિકામાં હોય છે. કોઇ માત્ર ડપકા પૂરવામાં તો કોઇ વાતને રફેદફે કરનારામાં સામેલ હોય છે. બધી વાતો અસરકારક રીતે થાય તે જરુરી નથી પણ વાતના સારમાં આપણે ફક્ત વિદુષક કે નકારાત્મક ખૂણામાં ધકેલાઇ ન જઇએ તેનો ખ્યાલ રાખવાનો હોય છે.

વાતો આપણા જીવનમાં સતત ચાલતી રહેવાની છે. વાત વિનાનું જીવન રાત વિનાની ઊંઘ જેવું છે. દિવસે આવતી ઊંઘ રાત જેવી મીઠી અને ગાઢ નથી હોતી તેવી રીતે વાત વિના જિંદગી એકલવાયી અને નિરસ બની જતી હોય છે.

વાત કરવાનો આપણેને પૂરો હક્ક છે પણ વાત કરવી એટલે મનમાં આવ્યું તે બોલી નાંખવું તેવું ક્યારેય નથી. આપણાં મનમાં ફરતા અનેક અસંખ્ય વિચારોને વાતનું સ્વરુપ જ આપી દેવું તે ક્યારેય જરૂરી નથી.

'આપણને તો મનમાં આવે એટલે કહી જ દઇએ...!'

'હું મારી કોઇ વાતને પેટમાં રાખું જ નહી..!'

'એ તો મનના સાવ મેલા છે.... તેના મનમાં કઇ વાત ચાલે છે તે આપણને કોઇ'દી ખબર જ ન પડે..!'

આ પ્રકારની વાતચીતના અંશો આપણે અનેકવાર બોલતા કે સાંભળતા આવ્યા છીએ. હકીકતમાં આ પ્રકારના વિધાનો વાતચીતની કળામાં નિમ્ન કક્ષાની હરોળમાં આવે છે. મનમાં આવે તે બોલી નાંખવું... શું તે હોઇ શકે ખરું ? દુનિયાનો દરેક માણસ પોતાના પેટમાં (અહીં પેટ એટલે ફાંદવાળું પેટ નહી હોં... ખરેખર તો મનમાં કે મગજમાં સમજવું) કોઇને કોઇ રહસ્યો કે પોતાના દુઃખ-દર્દો છુપાવીને જ બેઠો હોય છે, વાચાળ લોકોને (ખાસ તો ખટપટીયા...!) તેમનું મૌન સહન થતું નથી એટલે તેમની જીભને થોડી થોડી વારે સળવળાટ ન ઉપડે કે ચચરાટી ન થાય ત્યાં સુધી મજા જ નથી આવતી. જેમ કૂતરાઓને ભસવાની આદત હોય તેમ લોકોને પણ જેમ ફાવે તેમ વાતચીત કરવાની આદત હોય છે. એક વાત નિરીક્ષણ કરજો કે પશુ પક્ષીઓમાં જેનો અવાજ ખૂબ જ કર્કશ છે તે આખો દિવસ બોલ્યા જ કરે છે જેમકે કાગડા, કાબર, કૂતરા, ગધેડા વગેરે. અને જેનો અવાજ મીઠો છે તે ચોક્કસ સમયે અને જોખી જોખીને જ બોલે છે. જેમ કે કોયલ, મોર વગેરે. હવે તેમાં તમે ફરીવાર સૂક્ષ્મ નિરીક્ષણ કરશો તો ખ્યાલ આવશે કે જે કોઇ આખો દિવસ બક બક કર્યા જ કરે છે તેમનો અવાજ કર્કશ જ લાગે છે અને જે ઉચીત સમયે જ રાગ કે સ્વર આલાપે છે તેને સાંભળવા આપણા કાન અધિરા બને છે, ચાહે તે પશુ હોય, પક્ષી હોય કે મનુષ્ય..! એકધારું, બિનજરૂરી અને બિનઉપજાવું વાતચીત કર્કશવાણીમાં જ ખપી જતી હોય છે. કહેવાનો આશય મિતભાષી અને મધુરભાષી બનવું તે પણ આપણી એક નવી જ ઓળખ બનાવે છે. આપણી બિલિફ સિસ્ટમ (પોતાની આગવી માન્યતાઓ)ને ગમે ત્યાં બોલી નાખવાથી આપણી અસરકારકતા ઘટતી હોય છે.

અસરકારક વાતચીતમાં મહત્વનો મુદ્દો એ પણ છે કે આપણે જ્યારે પણ વાતચીત કરીએ ત્યારે સામેનો વ્યક્તિ, સમયની સાચી ઓળખ, ચોક્કસ શબ્દોની ગોઠવણ અને વાતચીતના સ્તરને ધ્યાને રાખીને વાતચીત કરવી જોઇએ. મોટે ભાગે આપણે જનરલ વાતચીત કેવી રીતે કરતા હોઇએ છીએ, તેના પર ધ્યાન આપ્યું છે ખરું ? આપણે પાન મસાલો ચાવીને તેના રસને થૂંકી નાંખીએ છીએ તે રીતે વાત કરવાની આદતવાળા હોઇએ છીએ. ખરેખર તો વાતચીત કરવી એટલે સરસ મીઠી ચ્યુંઇગ ગમ ચાવીને તેનો મસ્ત મજાનો ફુગ્ગો બનાવતા હોય તેમ વાતચીત કરવી જોઇએ. આપણે પરિચિત લોકો સાથે એકાંતમાં, ગ્રુપમાં વાતચીત કરતા હોઇએ ત્યારે પોતાને ઓબઝર્વ કરજો. આજે મેં કેવી વાતો કરી ? તે વાતોની અસર સામેવાળા પર કેવી થઇ ? તે વાતો કરવી ખરેખર જરૂરી હતી ? લોકોને મારી વાતમાં ખરેખર કોઇ રસ હતો ખરો ? આ વિશ્લેષણ કર્યા પછી તમને ખરી હકીકત જણાશે. જો કે ઘણાંને આવું કરવાની ફુરસદ જ નથી કારણ કે તેઓ તો પોતાની વાતોની વેલને આજુબાજુ ઉભેલા તમામ વૃક્ષો પર ચઢાવવાનો શોખ હોય છે.

ખરેખર તો અસરકારક વાતચીત કરવા આપણે પોતાની વાતચીતનું વિશ્લેણ કરવું જરૂરી છે. તમને લાગશે કે આપણે મોટા ભાગે કોઇ જ જરૂરીયાત વિનાની વાતો કરીને ટાઇમપાસ જ કરતા હોઇએ છીએ. આપણી વાતોમાં મોટે ભાગે કોઇ અન્ય જ વ્યક્તિની (જેમ કે ફિલ્મી હિરો, નેતા, ક્રિકેટર, જે હાજર નથી તે મિત્ર કે સગાની વગેરે વગેરે), બીજાના પ્રસંગોની (રાજકારણ, જે પ્રસંગમાં છીએ તેવા જ બીજાના પ્રસંગોની ) બીજાની નિંદા કે ટીકાઓની હોય છે. તમને લાગશે કે આનાથી વાતોમાં બીજું વધારે શું હોઇ શકે ? વાતો એટલે આપણી મરજી મુજબનાં વડા જ ને...! વાતોનો જે પ્રવાહ ચાલતો હોય તેમાં પોતાનોય મરી મસાલો નાંખીને તેલને સહેજ વધુ ગરમ કરીને આપણાં વડા તળ્યાં જ કરવાના..! વાતો ખરેખર વડા કરવા જેવું નથી. વાતો તો મુલાયમ, લિજ્જતદાર અને સ્વાદિષ્ટ રસોઇ માણતા હોય તેવું વિજ્ઞાન છે. જેને સૌએ શીખવું જોઇએ અને તેની રેસિપી જાણવી જોઇએ. આ રેસિપી એક પુસ્તક લખાય તેટલી લાંબી છે. જે હું વિસ્તારથી આપને જણાવતો રહીશ.

અસરકારક વાતચીતનો એક મહત્વનો મુદ્દો છે કે સાવ સાધારણ માણસ તેની વાતોમાં હંમેશા ફક્ત પોતાની જ વાતો કરતો હોય છે. જેમાં તમે કોઇની પણ વાત કરો તો પોતાના વિશેની જ વાત રજૂ કરે. તેની વાતમાં પોતે -હું - મારું કેન્દ્રસ્થાને હોય છે. જેમ જે તમે કોઇને એમ કહો કે અમે આ જગ્યાએ પ્રવાસમાં જઇએ છીએ. તો એ તરત કહેશે કે ત્યાં તો અમે જઇ આવ્યા અથવા અમને તો તેવી જગ્યાએ જવું ગમતું જ નથી. તમે તમારા દિકરા વિશે વાત કરશો તો તે પોતાના દિકરા વિશે વાતો શરૂ કરશે. મધ્યમ પ્રકારનો માણસ તેની વાતચીતમાં અન્ય લોકો, અન્ય લોકોના પ્રસંગો અને તેના વિશ્લેષણો પર વાતો કરતો હોય છે. જેમ કે તમે તમારો કોઇ પ્રસંગ કહો ત્યારે તે તેના જેવા બીજા પ્રસંગોની ન્યૂઝ ચેનલ બની જાય છે. જ્યારે ઉચ્ચ સ્તરનો વ્યક્તિ વાતચીતમાં સામે જ રહેલા વ્યક્તિની વાતચીત શાંતીથી સાંભળશે અને તેના વિશે જાણવાં, તેના સુખ, દુખમાં પ્રોત્સાહન કે સાંત્વના આપવા જીવનના સાચા રસ્તા અંગે જાણકારી આપનાર અને નવા આઇડિયા રજૂ કરનારો હોય છે. આ પ્રકારના વ્યક્તિઓની વાતચીતમાં તુ-તમે- તમારું જેવી ભાવનાઓ વધારે હોય છે. તેમની વાતચીતમાં તમારો પરિવાર કેમ છે? તમારા બાળકો કેમ છે ? બા-બાપુજી, તમારો વ્યવસાય કેમ છે ? આ પ્રકારની વાતચીતને વધારે સ્થાન આપે છે. હવે આપણે પોતે કયા સ્તરમાં વાતચીત કરીએ છીએ તે પણ ચેક કરતા રહેવું જરૂરી છે.

શું તમે જાણો છો કે દરેક વાતચીતમાં કોઇપણ વ્યક્તિને સૌથી વધારે શું ગમે છે ?

વ્યક્તિ કેવા પ્રકારની વાતચીતથી ઝડપથી પ્રભાવિત થાય છે ?

વાતચીતની ઘણીબધી મહત્વની ટીપ્સ હવે પછીના લેખમાં... ત્યાં સુધી અસરકારક વાતચીતની ઉપરોક્ત આદતો કેળવવાની શરૂ કરી દો.


છોટુભાઇ દામજીભાઇ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઇ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭

VB

મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭

વાલંભિયા
બોડી બિલ્ડર્સ

દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ



જકાતનાકા સામે, દેવાભાઇના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯

ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી

# શ્રી રામજન્મભૂમિ મંદિર નિર્માણ વચ્ચે અયોધ્યાની એક મુલાકાત

જયંતીભાઇ નગેવાડિયા



(તસવીરો : જયંતીભાઇ નગેવાડિયા)



## રામમંદિર તરફ જતા દરેક રસ્તા પહોળા કરવા બંને બાજુ ડિમોલેશન

શ્રી રામ મંદિર અંગેના સુપ્રિમ કોર્ટના ચુકાદા બાદ અયોધ્યા ખાતે શરૂ થયેલા શ્રી રામ મંદિર નિર્માણ કાર્ય અંગે દેશવાસીઓને આ રામ મંદિર અંગે ઉત્કંઠા છે હાલમાં અયોધ્યા ખાતે શ્રી રામમંદિરનું નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલુ છે અને કહેવાય છે કે ૨૦૨૪માં શ્રી રામમંદિરનં કાર્ય પુરૂ થશે. અને ત્યારે તેમનું પ્રાણ પ્રતિષ્ઠા(ઉદઘાટન) કરવામાં આવશે. હાલમાં દેશભરમાં આ રામમંદિર નિર્માણ કાર્ય જોવા અને રામલલ્લાનાં દર્શન કરવા ભાવિકોનો ઘસારો જોવા મળે છે. આ લખનારે પણ તાજેતરમાં અયોધ્યાની મુલાકાત લીધી અને શ્રી રામ મંદિર નિર્માણ કાર્ય નિહાળ્યું અને અયોધ્યામાં શ્રી રામમંદિર નિર્માણને લઇને ત્યાંની ગતીવિધિ નિહાળી તેનો અહેવાલ અહીં રજુ કરું છું.

અયોધ્યામાં પ્રવેશતા જ લાગે કે શહેરના દરેક મુખ્ય રસ્તા રામમંદિર તરફ જઇ રહયાં છે. કારણ કે શહેરના રામમંદિર તરફ જતાં હાલના નાના-નાના માર્ગોને ૮૦ ફુટ કે ૬૦ ફૂટના પહોળા કરવા આ દરેક રસ્તાની બંને બાજુ કપાતમાં આવતા ઘર-દુકાન, શોરૂમ-હોટલ, ધર્મશાળા તથા અન્ય બાંધકામ લાઇન ઓફ કંટ્રોલ મુજબ બુલડોઝરથી તોડી પડાયેલ છે અને હજુ કામ ચાલુ છે. કોઇ નાની-દુકાન ૪.૫ ફુટની થઇ ગઇ છે તો કોઇ મકાન કપાતા સીધો રૂમ જ દેખાય છે તો મોટી લાંબી દુકાન તોડી પડાતા નાની દુકાન જેટલી જ ઉંડાઇ થઇ ગઇ છે. દરેક રસ્તામાં આ ડિમોલેશન થતાં કોઇએ પોતાની બચેલી જગ્યામાં રીપેરીંગ કરાવી ધંધો શરૂ કરી દીધો છે. તો કોઇના રીપેરીંગ ચાલુ છે. અયોધ્યાના દરેક મુખ્ય રસ્તા જે રામમંદિર તરફ જાય છે તેની હાલત આવી જ છે અને આ રસ્તા ૮૦ ફુટ કે ૬૦ ફુટના બને છે જે પાકા સીમેન્ટ રોડ જ બને છે. બંને બાજુ મોટી બોકસ ગટરના કામચાલુ છે. આમ અયોધ્યામાં ૨૦૨૪માં શ્રી રામંદિર શરૂ થશે ત્યારબાદના કાયમી ધોરણે ભાવિકો-ટુરીસ્ટોમાં ઘસારાને ધ્યાનમાં રાખી ઉત્તરપ્રદેશ સરકારે બહુ જ મોટુ અને સુંદર પ્લાનીંગ કરેલ છે. જો કે અયોધ્યા નાનુ શહેર છે. ત્યાં કોઇ મોટી બજાર કે શો-રૂમ નથી. દુકાનો પણ સાદી નાના ધાબા જેવી અન્ય ધાર્મિક સ્થાનોની જેમ મોટા શોરૂમ નીયોન લાઇટ બોર્ડ, સુંદર ફર્નીચર, ડીસપ્લે જેવું અહીં કંઇ જોવા મળતું નથી.

મંદિર નિર્માણ કાર્યની વાત કરીએ તો મેં અહીં પહેલા ‘શ્રી રામ જન્મભૂમિ મંદિ નિર્માણ કાર્યશાળા’ની મુલાકાત લીધી. જેને વર્કશોપ કહી શકાય. ત્યાં પ્રવેશતા એક મોટી પથ્થરની પ્રવેશદ્વાર (કમાન) છે તેની બાજુમાં શ્રી રામમંદિરનું લાકડાનું મોડલ કાચના શોકેસમાં રાખવામાં આવેલ છે. તેની જમણી બાજુ બાબરી મસ્જિદ ધ્વંશ સમયના અખબારોના કટીંગ અને તે સમયને લગતી વિગતો અને ફોટા સહિતનું નાનું પ્રદર્શન છે. ત્યાંથી આગળ જતા ગુલાબી કલરના પથ્થરો કોતરણી કરેલા અને થોડા કામ કરવાના બાકી હોય તેવા મોટી સંખ્યામાં થપ્પી મારીને અને દરેક પથ્થરને મંદિર બાંધકામમાં ગોઠવવાના હોય તે પ્રમાણેના નંબરના કોડ લખેલા છે. વર્કશોપમાં પથ્થર ઉપર હથોડા ટાંકણાથી કોતરણી કામ કરતા કારીગરો જોવા મળે છે તો અમુક કારીગરો હેન્ડ ગ્રાઇન્ડરથી પણ કામ કરતા જોવા મળે છે. અહીં મશીનના અવાજથી કારખાના જેવુ લાગે છે તો બીજી બાજુ આ કોતરકામ કરેલા પથ્થરોની આ નકશી કામને બહેનો કાચ પેપરથી હાથેથી ઘસી ઘસીને ફીનીશીંગ કરતી જોવા મળે છે. વર્કશોપમાં મોટા પથ્થરોને માપ સાઇઝ મુજબ કાપવા લાકડા કાપવાના બેન્ડ શો જેવી એક મોટી પથ્થર કાપવાની મોટી ચકરી કે જે લગભગ ૬ ફુટના ડાયામીટરની છે. તેની ઉપર ચેન કપ્પી છે જેથી મોટા પથ્થર તેના વડે ઉપાડી પથ્થરને કટીંગ માટે ચકરીપાસે લઇ જઇ શકાય. અહીં વર્કશોપની એક ઓફિસ પણ છે. અહીં શ્રી રામ મંદિર તૈયાર થશે ત્યાં મંદિરમાં પ્રવેશ પાસેજે ઘંટ રાખવાનો છે તે અહીં આવી ગયેલ છે જે પિતળ સહિતની ધાતુનો વિશાળ છે અને લગભગ ૬૦૦ કિલો વજનનો આ ઘંટ છે. જેના ઉપર લાલ અક્ષરે અંગ્રેજીમાં જય શ્રીરામ લખેલું છે. આ વર્કશોપને નિહાળી શ્રી રામ મંદિર નિર્માણ સ્થળે જવા રવાના થયા.

# મંદિર નિર્માણ બાદ લોકોના ઘસારાને ધ્યાનમાં રાખી અત્યારથી અયોધ્યામાં રોડ-રસ્તા-ગટર પાણી જેવી વ્યવસ્થાનું આયોજન

શ્રી રામ મંદિર નિર્માણ સ્થળે જતા મંદિર નિર્માણ સ્થળથી લગભગ એક થી દોઢ કિલોમીટર દુર વાહન પાર્કિંગ કરવાનું છે. ત્યાંથી આગળ કોઇ પ્રાઇવેટ વાહન, મોટર, રીક્ષા કંઇ લઇ જઇ શકાતું નથી. ફકત ચાલીને જ જવું પડે છે જો કે ચાલી નહીં શકતા કે વૃદ્ધ લોકો માટે ઘણી વ્હીલચેરની વ્યવસ્થા છે. વાહન પાર્કિંગ સ્થળેથી જતા મોટા પહોળા રસ્તા તે તરફ જાય છે. જેનું કામ ચાલુ છે તેથી હાલ દર્શનાર્થીઓ માટે સાઇડમાંથી ડાઇવર્ઝન વાળા રસ્તે જવું પડે છે. તે રસ્તે જતા પહેલા એક ચેકપોસ્ટ આવે છે ત્યાંથી આગળ તમે કોઇ વસ્તુ સાથે લઇ જઇ શકતા નથી. મોબાઇલ બેલ્ટ, ખિસ્સાની વસ્તુ, બોલપેન, દાંતીયો કે અન્ય વસ્તુઓ સાથે લઇ જવામાં દેવામાં આવતી નથી તે માટે પહેલા મંદિર તરફથી એક લોકર રૂમ રાખવામાં આવેલ છે તે લોકરમાં આપણે મોબાઇલ સહિતની કિંમતી વસ્તુ મુકી દેવી પડે છે. જો કે તયાં આજુબાજુ પ્રસાદ વેચતા નાના દુકાનદાર પણ ત્યાં નાના-નાના લોકર રાખે છે જો તમે પ્રસાદ ખરીદો તો તમને વિનામુલ્યે લોકર આપે છે. જો કે ખિસ્સામાં એક માત્ર પૈસા માટેનું પાકીટ જ લઇ જવા દેવામાં આવે છે. લેડીઝ-જેન્ટસની ચેક પોસ્ટ અલગ અલગ હોય છે તે ચેક કરે છે. ખિસ્સામાં પાન-ફાકી-તમાકુ કે અન્ય વસ્તુ નીકળે તો લઇ લે છે. ત્યાંથી થોડા આગળ જતાં બીજુ ચેકપોસ્ટ આવે છે અહીં ફરીથી ચેક થાય છે અને ત્યાંથી આગળ જતાં છેલ્લુ ચેકપોસ્ટ આવે છે ત્યાં મેટલ ડિટેકટરથી ચેક કરે છે. આ બધાં ચેકપોસ્ટમાં પોલીસ દ્વારા જ ચેક થાય છે. છેલ્લી ચેક પોસ્ટ બાદ આગળ શ્રી રામ મંદિર નિર્માણ કાર્ય જોવા જઇ શકાય છે. અહીં ફરીથી ભાઇ-બહેનો સાથે જઇ શકે છે. અહીંથી એક છ ફૂટની પહોળાઇનો રસ્તો શરૂ થાય છે. જેમાં બધી બાજુ લોખંડની જાડી જારી ફીટ કરેલી છે અને ઉપર પ્લાસ્ટીકના છાપરા છે જેથી વરસાદ કે તડકોના લાગે. આ લોખંડની જાળીવાળો રસ્તો લભગગ અડધો કિલોમીટર જેવો લાંબો છે. આ જાળીની બહાર કાળા ડ્રેસમાં લેડીઝ તથા જેન્ટસ પોલીસ કમાન્ડો હોય છે. જયારે જાળીની અંદરના રસ્તામાં પોલીસ બંદોબસ્તમાં હોય છે જે લોકોને વ્યવસ્થિત રીતે આગળ વધારવામાં મદદ કરે છે અને વ્યવસ્થા જાળવે છે. આગળ વધતા મુખ્ય મંદિરનું જે કામ ચાલે છે તે જારીમાંથી જોઇ શકાય છે. જાળીથી લગભગ ૩૦૦-૪૦૦ ફૂટ દુર આ કામ ચાલુ છે તે દેખાય છે. હાલમાં પહેલા માળના પથ્થના કોતરણીવાળ સ્તંભ ઉભા થઇ ગયેલ જોવા મળે છે. કારીગરા પીળી હેલ્મેટ પહેરીને જ કામ કરતા જોવા મળે છે. મંદિરની બાજુમાં ચાર જેટલી મોટી હેવી ક્રેઇન પણ હોય છે જે આ મોટા પથ્થરને ગોઠવવા માટે વપરાય છે. અંદર આ મુખ્ય રામમંદિર નિર્માણ પરીસરની જગ્યા મોટી વિશાળ છે. અંદર સરકારી વાહનોની અવરજવર જોવા મળે છે અને એન્જિનિયરો અધિકારીની વહીવટી ઓફીસ (કેબીન) જોવા મળે છે. આમ આ મંદિર નિર્માણની ચહલપહલ જોવા મળે છે અને આ જોતા લોકોની ઉત્કંઠા સંતોષાય છે. અને આ મંદિર કાર્યની સામેથી પસાર તા લોકો વારંવાર ‘જય શ્રી રામ’ના નારા લગાવતા હોય છે. પછી થોડે આગળ જતા હાલમાં રામલલ્લાને જયા પધરાવવામાં આવ્યા છે તે લાકડાનું એક મોટું મંદિર જે કાચના મોટા દરવાજાવાળું છે. અહીં મંદિરમાં પણ રેલીંગમાંથી જ દર્શન કરવાના હોય છે. દુરથી એટલે કે ૧૦-૧૫ ફૂટ દુરથી દર્શન થાય છે. જયાં જયશ્રી રામ, લખેલ પ્લાસ્ટીકના પેકેટમાં કાજુની પ્રસાદી દરેકને આપવામાં આવે છે. અહીં દર્શન થતા લોકોને રામલલ્લાના દર્શન અને મંદિર નિર્માણ જોવાની ઉત્કંઠા પુરી થાય છે અને પોતાની ઇચ્છા પુરી થતાં ખુશખુશાલ જોવા મળે છે. ત્યાં જ આગળ એક ડોનેશન વિભાગ છે જયાં તમે કોઇપણ નાની કે મોટી રકમ દાન ભેટમાં લખાવી શકો છો. જયાં ત્રણ કાઉન્ટર છે કોમ્પ્યુટર મોનીટરની પાછળ બીજી સ્કીન હોય છે જેમાં તમે લખાવેલ તમારુ નામ-સરનામું મોબાઇલ નંબર જે ટાઇપ કરે છે તે જોઇ શકો છો અને ભુલ હોય તો ધ્યાન દોરી સુધરાવી શકો છો. ત્યાંથી તમને પાકી પહોંચ આપવામાં આવે છે. અંદર રેલીંગમાં બે-ત્રણ જગ્યાએ પીવાના પાણી માટે ઠંડા પાણીના કુલર પણ રાખવામાં આવેલ છે. આ રેલીંગમાંથી આ મંદિરના મુખ્ય પ્રવેશ માટેની એન્ટ્રી રસ્તાનું કામ ચાલુ છે તે પણ જોવા મળે છે. અમારી સાથેના ગાઇડે જણાવ્યું કે ૨૦૨૪ની જાન્યુઆરીમાં અહીં પ્રાણપ્રતિષ્ઠા(ઉદઘાટન) કરવામાં આવશે. પછી લોકો માટે ખુલ્લું મુકાશે. પરંતુ કામની ગતિ અને હાલના તબકકે પહોંચેલ કામ પરથી થોડી શંકા લાગે કે ખરેખર કામ સમયસર પુરૂ થઇ જશે ? બાદમાં આગળ જતાં આ રેલીંગમાં બહાર નીકળી જતા બહારના મુખ્ય રસ્તા પર આવી જવાય છે.




૨૦૨૪માં શ્રી રામમંદિર શરૂ થતા દેશ વિદેશમાં ભાવિકો-ટુરીસ્ટોનો જે ઘસારો થવાનો છે તેના અનુસંધાને અયોધ્યામાં તેના અનુસાંગિક કાર્યો રોડ, રસ્તા, લાઇટ, પાણી-ગટરના કાર્ય સરકાર દ્વારા ચાલુ છે. અયોધ્યા એક જુની પૌરાણીક શૈલીનું ગામ-શહેર કહી શકાય. અને તેમને હજુ સુધી શહેરી આધુનિકતાનો સ્પર્શ જરા પણ થયો નથી. અયોધ્યામાં આવતા લોકો માટે અનેક ધર્મશાળા છે અને નાની હોટલવાળા પણ ધર્મશાળાના નામે વ્યવસાય કરે છે. એક સ્થાનિક રહેવાસીના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં અહીં રોડ કપાતમાં જ ૧૫૦ જેટલી ધર્મશાળા-હોટલનું કપાત થઇ ગયેલ છે અને હજુ કપાતનું કામ ચાલુ છે. તેમાં વધુ ૧૦૦ જેટલી ધર્મશાળા-હોટલ કપાતમાં જશે. તેથી ધર્મશાળા-હોટલના ભાડા વધ્યા છે. અહીં બહુ સારી કે થ્રી સ્ટાર, ફોર સ્ટાર જેવી હોટલો જોવા મળતી નથી. આમ અયોધ્યામાં શ્રી રામમંદિર નિર્માણ કાર્ય જોયું, તો ભવિષ્યમાં શ્રી રામ મંદિર શરૂ થતા તે જોવાનો-દર્શનનો લાભ પણ લઇશું. આપ પણ લેજો... જય શ્રી રામ...

# રાજકોટની શ્રી વિશ્વકર્મા ધુન મંડળ દ્વારા યોજાયુ સ્નેહમિલન અને સન્માનોત્સવ

## પ્રમુખ કુસુમબેન સાંકડેચા અને બહેનોએ મંદિરની કમિટી અને અન્ય સંસ્થાઓના હોદ્દેદારો-સેવા કાર્યકરોનું શાલ ઓઢાડી કર્યું સન્માન

- સમતા પાર્થ ગજજર









## વિશ્વકર્મા વિશ્વના એપ્રિલ-૨૩ના અંકનુ બહેનોના હસ્તે વિમોચન

છેલ્લા ૨૦ વર્ષથી ધુન-ભજન દ્વારા સમાજમાં ભાવભકિતનું સર્જન કરતા રહેલા અને સાથોસાથ ગુર્જર સુતાર સમાજના સમાજપયોગી કાર્યમાં આર્થિક સહયોગ આપતા રહેલા બહેનોના શ્રી વિશ્વકર્મા ધુન મંડળ દ્વારા તા. ૦૯-૦૪-૨૩ના રોજ ગુર્જર સુતાર જ્ઞાતિના વિશ્વકર્મા પ્રભુજીના મંદિરે વિશ્વકર્મા પ્રભુજીના સાનિધ્યમાં સન્માન સમારંભ અને બહેનોના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વકર્મા ધુન મંડળ (મહિલા)ના પ્રમુખ કુસુમબેન સાંકડેચાના નેતૃત્વમાં રાજકોટને આંગણે બહેનો દ્વારા યોજાયેલ પ્રથમ જ કાર્યક્રમમાં વિશ્વકર્મા ધુન મંડળની બહેનો દ્વારા ગુર્જર સુતાર જ્ઞાતિના હોદ્દેદારો-કારોબારી સમિતિ અને અન્ય સહયોગી સંસ્થાના હોદ્દાદરો અને મંદિરમાં વર્ષોથી સેવા કાર્ય કરતા ભાઇઓનું વિશ્વકર્મા ધુન મંડળ (મહિલા)ની બહેનો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજર, એસ.વી. ન્યુઝના ઉમેશ ગજજરનું અને રોહિત સુરેલિયા(ગજાનન સ્ટુડિયો)નું પણ સન્માન કરવામાં આવ્યું. બહેનો દ્વારા આ પ્રકારના પ્રથમ જ યોજાયેલા સ્નેહ મિલન અવસરે કુસુમબેન સાંકડેચા સહિતની બહેનોના હસ્તે વિશ્વકર્મા વિશ્વના એપ્રિલ અંકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ સૌએ ભોજન પ્રસાદ પણ લીધો હતો.

કાર્યક્રમના ઉદઘોષક નીતિનભાઇ બદ્રકિયાએ બહેનોના શ્રી વિશ્વકર્મા ધુન મંળ અંગે માહિતી આપી બહેનો દ્વારા સમાજના કાર્યક્રમોમાં બહેનો દ્વારા મળતી સેવા અંગેની વિસ્તૃત વાત કરી હતી.

ધુન મંડળના હેતલબેન ઉજૈનીયાએ આ પ્રસંગે પ્રાસંગીક ઉદબોધન કરી સમાજમાં વિવિધ સેવા કાર્ય કઇ રીતે કરવામાં આવે છે. તેની માહિતી આપી હતી.


મહિલા ધુન મંડળના પ્રમુખ કુસુમબેન સાંકડેચાએ પ્રાસંગિક ઉદબોધનમાં કહયુ કે, ૨૦૦૪ થી બહેનોનું ધુન મંડળ કાર્યરત છે. દર અમાસે મંદિરે ધુન-ભજન ઉપરાંત કોઇના ઘેર સારા-નરસા



**કુસુમબેન અને ઇલાબેન દ્વારા રસીકભાઇનું, કિર્તીબેન દ્વારા મુકેશભાઇ, મુકતાબેન દ્વારા કાંતિભાઇ તલસાણિયાનું અને નીતાબેન હસ્તે કિશોરભાઇનું સન્માન**



**જયંતીભાઇ તલસાણિયાનું કુસુમબેનના હસ્તે, હર્ષદભાઇનું ગીતાબેનના હસ્તે મિતેશભાઇનું કુંદનબેનના હસ્તે અને ઘનશ્યામભાઇ દુદકીયાનું ગીતાબેનના હસ્તે સન્માન**



**જગુભાઇ ભારદીયાનું પ્રફુલાબેનના હસ્તે, જગુભાઇ વાલંભીયાનું કુસુમબેના હસ્તે અને પ્રમુખ રસીકભાઇના હસ્તે સમાજ વતી કુસુમબેનનું સન્માન**

પ્રસંગે પણ ધુન ભજન કરવા અમે જઇએ છીએ આ નિમિત્તે મળતો ભેટનો ઉપયોગ અમે સમાજના કાર્યમાં કરીએ છીએ. જ્ઞાતિ દ્વારા યોજાતા સમુહ લગ્ન કે રાંદલ લોટા ઉત્સવ જેવા કાર્યક્રમોમાં ધુનમંડળ દ્વારા આર્થિક સહયોગ અમે આપી રહયા છીએ. ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા યોજાતા કાર્યક્રમોમાં અમારી ૧૫૦ થી ૨૦૦ બહેનો સેવા કાર્યમાં સેવા આપે છે. પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા પણ અમારા કાર્યને સપોર્ટ કરી સેવા કરવાની તક આપે છે. બહારગામના કાર્યક્રમોમાં પણ બહેનોને સાથે લઇ જઇ બહેનોને મહત્વ આપે છે. દાદાના સુવર્ણ સિંહાસન માટે પણ અમારા ધુન મંડળને આર્થિક અનુદાન આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સમાજના કોઇપણ કામમાં સેવા આપવા અમારી બહેનો સદાય તત્પર રહેશે તેમ પણ કુસુમબેને જણાવ્યું હતું. કુસુમબેને કહયું કે, પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા સમયે દાદા હાજરાહજુર હોવાની પ્રતિતિ થઇ હતી. મંદિરમાં દાદા કાયમ હાજર-હજુર હોવાની અમને સતત પ્રતિતિ અને અનુભવ થાય છે.

ગુર્જર સુતાર જ્ઞાતિના પ્રમુખ રસીકભાઇ બદ્રકિયાએ પ્રાસંગિક ઉદબોધનમાં બહેનો દ્વારા યોજાયેલ પ્રથમ સ્નેહમિલન અને સન્માન કાર્યક્રમના આયોજનને બિરદાવી અભિનંદન આપતા કહયું કે, ૨૦ વર્ષથી બહેનોનું ધુન મંડળ કાર્યરત છે બહેનો ધુન ભજન દ્વારા સમાજમાં ભાવ અને ભકિતનું વાતાવરણ તો સર્જે જ છે પણ સાથોસાથ જ્ઞાતિ દ્વારા યોજાતા સમુહલગ્ન, રવિ રાંદલ લોટા ઉત્સવ સહિતના કાર્યક્રમોમાં બહેનોની સેવા અભિનંદનીય છે. તાજેતરમાં યોજાઇ ગયેલ પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ ધુન મંડળની ૧૫૦-૨૦૦ બહેનો દ્વારા ચાર-પાંચ દિવસ મળેલ શ્રમ સેવા અદ્વિતીય છે. બહેનોને ધુન-ભજનના કાર્યક્રમો દ્વારા મળતા અનુદાનનો સમાજના વાપરી તેનો સદ્ઉપયોગ કરે છે. દાદાના સિંહાસન માટે તેઓ દ્વારા સુવર્ણદાન પણ મળ્યું છે. અને મંદિરના કાર્યક્રમોમાં તેઓનું આર્થિક અનુદાન હોય જ સાથોસાથ બહારગામ યોજાતા કાર્યક્રમોમાં પણ બહેનો ઉપસ્થિત રહે છે. એટલુ જ નહીં આર્થિક યોગદાન પણ આપે છે. તાજેતરમાં ઉપલેટામાં રવિ ભારદીયા ભવનમાં પણ બહેનોએ જાતે પૈસા કાઢી રૂા. ૫૦૦૦ જેવુ અનુદાન આપ્યું છે. બહેનો દિનપ્રતિદિન પ્રગતિ કરે તેવી શુભેચ્છા પણ આપી હતી.

# મુંબઇ વિશ્વકર્મા બાગનું રીડેવલપમેન્ટ થશે : પાંચ સભ્યોની કમિટીની રચના

- હિરેન ગોવિંદીયા





## તાજેતરમાં મળેલ સામાન્ય સભામાં ઐતિહાસિક નિર્ણય



દેશમાં સૌથી પ્રતિષ્ઠિત એવા મુંબઇના વિશ્વકર્મા બાગનું ૧૯૬૫ના અરસામાં નિર્માણ થયા બાદ ૫૮ વર્ષ બાદ વિશ્વકર્મા બાગનું હાલના જમાનાને અનુરૂપ રીડેવલપમેન્ટ કરવાનો ઐતિહાસિક નિર્ણય તાજેતરમાં વિશ્વકર્મા બાગની મળેલ અસાધારણ સભામાં લેવામાં આવતા મુંબઇ ગુર્જર સુતાર સમાજમાં હરખ છવાયો છે.

તાજેતરમાં ૨૩ એપ્રિલના રોજ વિશ્વકર્મા બાગની ટ્રસ્ટ કમિટી દ્વારા અસામાન્ય સભા બોલાવાઇ હતી. જગદીશભાઇ ભાડેશીયાના અધ્યક્ષસ્થાને મળેલ આ અસાધારણ સભામાં વિશ્વકર્મા બાગને નવનિર્મિત કરવાનો પ્રસ્તાવ રજુ કરાયો હતો. જેને સર્વ સંમતિથી વધાવવામાં આવ્યો હતો. સાથોસાથ રીડેવલપમેન્ટ કમિટીની પણ રચના કરવામાં આવી છે. કમિટીમાં પાંચ સભ્યો છે. આ કમિટીમાં પ્રમુખ આસીતભાઇ ઘોરેચા અને મંત્રી તુષારભાઇ કથ્રેચા હોદ્દેદારની રૂએ કમિટીમાં રહેશે. જયારે અન્ય ત્રણ સભ્યો જે કાયમી રહેશે તેમાં જયંતભાઇ જોલાપરા, હિતેશભાઇ પંચાસરા અને હરીશભાઇ વિશરોલીયાનો સમાવેશ થાય છે. ટ્રસ્ટ કમિટીમાંથી તુષારભાઇ ધ્રાંગધરિયાએ નિર્ણયને હર્ષોલ્લાસથી વધાવ્યો હતો અને નિર્ણયને ઐતિહાસિક ગણાવ્યો હતો.

શ્રી રમેશભાઇ અંબાસણા, તુષારભાઇ કથ્રેચા, વિઠ્ઠલભાઇ અઘેડા, રસીકભાઇ વઘાડીયા, આશીતભાઇ ગોરેચાએ કાર્ય બાબતે ટુંક સમયમાં ફરી મિટીંગ યોજવાની જાહેરાત કરવાની સાથોસાથ વિશ્વકર્મા બાગનું નવનિર્માણનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થાય તેવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી.

દેશભરના આન-બાન અને શાન મુંબઇ પાર્લા સ્થિત વિશ્વકર્મા બાગની સ્થાપના ૧૯૬૫ના અરસામાં થઇ હતી. આ પહેલા સમાજની જગ્યા શાંતાક્રુઝમાં હતી. પરંતુ એ સમયે શાંતાક્રુઝની જગ્યા વેચી પાર્લામાં બે રસ્તાવાળી જગ્યા મળતી હોવાથી શાંતાક્રુઝ વાળી જગ્યા વેંચી હાલની જગ્યા લેવામાં આવી હતી. શ્રી મનજીભાઇ અડીયેચા, નટુભાઇ જોલાપરા, માવજીભાઇ અંબાસણા, ભાણજીભાઇ મહીધરીયા, બાલુભાઇ હીરજીભાઇ વગેરે આ સમયે ટ્રસ્ટી મંડળમાં હતા. ત્યારબાદ ૧૯૯૨ના અરસામાં કાંતિભાઇ જોલાપરાના સમયમાં બીજો માળ બાંધવામાં આવ્યો હતો. દિન પ્રતિદિન આધુનિક બાગ બનાવાયો. જેનુ ઇન્ટીરીયર જયંતભાઇ જોલાપરાએ કર્યું હતું. હાલનો વિશ્વકર્મા બાગ ૧૪૦૦૦ ફૂટમાં પથરાયેલ છે. વિશ્વકર્મા બાગનું રીડેવલપમેન્ટ થતા હાલ કરતા અનેક સુવિધાસભર વિશ્વકર્મા બાગનું નિર્માણ થશે.

## ગુર્જર સુતાર જ્ઞાતિ આયોજીત

# દ્વિતીય રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય ઉદઘાટન

- પ્રવીણ ગજ્જર




તસવીર : પ્રવીણ ગજ્જર






રાજકોટ શહેરની મધ્યમાં આવેલ રાજકોટ જીમખાના કલબના ક્રિકેટ ગ્રાઉન્ડ પર ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા આયોજીત દ્વિતિય રાત્રી ક્રિકેટ ટુર્નામેન્ટનો તા. ૨૬-૪-૨૩થી પ્રારંભ થયો છે. સાંસદ રામભાઇ મોકરીયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલ, પોરબંદરના કેતનભાઇ ગજ્જર, અમૃતલાલ ભારદીયા, જીમખાનાના સેક્રેટરી હરિશ્ચંદસિંહ જાડેજા, રમેશભાઇ તલસાણિયાના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય બાદ ટુર્નામેન્ટના પ્રારંભ પહેલા સાંસદ રામભાઇ મોકરીયા, કેતનભાઇ ગજ્જર, અમૃતલાલ ભારદીયા, પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા વગેરેએ બેટ-દડાની રમઝટ બોલાવી હતી. બાદમાં બંને ટીમના કેપ્ટનની ઉપસ્થિતિમાં સાંસદ રામભાઇ મોકરીયાએ ટોસ ઉછાળી ટુર્નામેન્ટનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગ ઉદઘાટન સમારોહમાં ઉપસ્થિત ડે. મેયર કંચનબેન સિદ્ધપુરાએ અને ધારાસભ્ય દર્શીતાબેન શાહે પ્રાસંગીક ઉદબોધનમાં ગુર્જર સુતાર સમાજ સમાજને તોડવાનું નહીં પણ જોડવાનું કામ કરતો હોવાનું જણાવી સુંદર આયોજન બદલ સમાજને અભિનંદન આપ્યા હતા.

સાંસદભાઇ રામભાઇ મોકરીયાએ આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધનમાં ગુર્જર સુતાર સમાજ દ્વારા યોજાતા કાર્યક્રમની સરાહના કરી હતી. સાથોસાથ સમાજના ઘડતરમાં ગુર્જર સુતાર સમાજના યોગદાનને બિરદાવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રમતગમતને અપાતા પ્રોત્સાહનની વાત કરી રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપી નરેન્દ્ર મોદીના હાથ મજબુત બનાવવા અપીલ કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા અને અધ્યક્ષ મુકેશભાઇએ મહેમાનોનું બુકે આપી સ્વાગત કર્યું હતું.

# શ્રી વિશ્વકર્મા કપ-૨૦૨૩ ઉદ્ઘાટન સમારોહની તસવીરી ઝલક










કેતનભાઇ ગજ્જરની બોલિંગમાં રામભાઇ મોકરીયાની ફટકાબાજી



અમૃતલાલ ભારદીયા



રમેશભાઇ તલસાણિયા



કુંદનબેન સિદ્ધપુરા



રસીકભાઇ બદ્રકિયા



જગુભાઇ ભારદીયાના હસ્તે સ્મૃતિભેટ



અધ્યક્ષ મુકેશભાઇ અને પ્રમુખ રસીકભાઇની સાથે અમદાવાદના શાંતિભાઇ ખોડદીયા, પરેશભાઇ સુથાર, ધર્મેન્દ્રભાઇ ખંભાયતા, હસમુખભાઇ પનારા અને રમેશભાઇ તલસાણિયા

# રવિ ટેકનોફોર્જના અનુદાનથી

# ઉપલેટાના મનોદિવ્યાંગ બાળકોને મળ્યુ પોતીકુ ઘર

- પ્રવીણ ગજ્જર

## શ્રી અમૃતલાલ ભારદીયાના હસ્તે શ્રી રવિ ભારદીયા ભવનનું ઉદ્ઘાટન




## શ્રી રવિકુમાર ભારદીયાના જન્મદિવસે ઉપલેટા સમાજને અનેરી ભેટ

ઉપલેટામાં ઉડાન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતી દિવ્યજયોત મનોદિવ્યાંગ બાળકોની સંસ્થાના નુતન ભવનમાં બાળકોના નવ પ્રસ્થાન અને નુતન ભવનના લોકાર્પણનો એક કાર્યક્રમ તા. ૧૭-૪-૨૩ના રોજ યોજવામાં આવયો હતો. આ કાર્યક્રમમાં શ્રી રવિકુમાર ભારદીયા ભવનના મુખય દાતા શ્રી અમૃતલાલ ભારદીયા, ભૂમિદાતા શ્રી કાંતિભાઇ કડીવાર વતી નરેન્દ્રભાઇ કડીવાર અને ભોજનાલયના દાતાશ્રી રણમલભાઇ ખુંટી પોરબંદર (હાલ દુબઇ), ઉપરાંત સાંસદ રામભાઇ મોકરીયા, સાંસદ રમેશભાઇ ધડુક, લેખક શરદભાઇ ઠાકર, પુર્વમંત્રી ચીમનભાઇ શાપરીયા, ફૂલછાબના મેનેજર નરેન્દ્રભાઇ ઝીબા ઉપરાંત વિવિધ શહેરના સમાજના આગેવાનો, રાજકીય આગેવાનો વગેરે ઉપસ્થિત રહયા હતા.

ઉપલેટામાં લોઢીયાવાડી પાસે ૨૦૧૬થી મનોદિવ્યાંગ બાળકોની સંસ્થા ભાડાના મકાનમાં બેસતી હતી. અગવડભરી આ જગ્યામાં ૨૬ જેટલા મનોદિવ્યાંગ બાળકો વસવાટ કરતા હતા. આ બાળકો માટે કોલકી રોડ પર મનદીપ ઇન્ડસ્ટ્રીઝ સામે ૧૬૦૦ વાર જેટલી વિશાળ જગ્યા પૈકીની ૩૫૦ વાર જગ્યા પર નુતન ભવન નિર્માણ કરવામાં આવ્યું. આ ભવનના બાંધકામ



તસવીર : પ્રવીણ ગજ્જર

સન્માન સમારોહનું દીપ પ્રાગટય દ્વારા ઉદ્ઘાટન કરતા શ્રી અમૃતલાલ ભારદીયા, સાંસદ રામભાઇ મોકરીયા, સાંસદ રમેશભાઇ ધડુક, જગુભાઇ ભારદીયા સહિતના સાથે રહયા હતા.





## ભગવાન સમાન મનોદિવ્યાંગ માટે ભવનનું નિર્માણ માટે શ્રી અમૃતલાલ ભારદીયાએ ભગવાનનું કામ કર્યુ છે : શ્રી રામભાઇ મોકરીયા



માટે શ્રી અમૃતલાલ ભારદીયા (રવિ ટેકનોફોર્જ) તરફથી રૂા. ૩૧.૫૦ લાખનું અનુદાન મળ્યું. આ ભવનનું નામ રવિકુમાર ભારદીયાની સ્મૃતિમાં શ્રી રવિકુમાર ભારદીયા ભવન રાખવામાં આવ્યું. ભવનની સાથોસાથ દિવ્યાંગ બાળકો માટે ભોજનાલય બનાવવામાં આવ્યું. મુળ પોરબંદરના હાલ દુબઇ રહેતા શ્રી રણમલભાઇ ખુંટીએ આ ભોજનાલય માટે રૂા. ૧૫ લાખનું અનુદાન આપ્યું છે. અને ભોજનાલયનું નામ શ્રી જેઠાભાઇ ખુંટી ભોજનાલય રાખવામાં આવ્યું છે.

જે સંકુલ ઉભુ કરાયુ તે ૬૭૩ વાર જમીન પેટે અને અન્ય મળી કુલ ૧૧ લાખનું દાન મુળ જામજોધપુરના અને હાલ યુ.કે. રહેતા શ્રી કાંતિભાઇ કડીવાર તરફથી મળ્યું છે. અને બાકીની જમીન ૯૨૭ વાર નગરપાલિકા તરફથી મળેલી છે. આમ કુલ ૧૬૦૦ વાર જમીન પર સંકુલ ઉભુ કરવામાં આવ્યું છે. જેમાં ૩૫૦ વારમાં નુતન ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનો લોકાર્પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં નુતન ભવનના મુખ્ય દ્વારનું ભૂમિદાતા શ્રી કાંતિભાઇ કડીવારના પ્રતિનિધિ અને કડીવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઇ ભુત અને નરેન્દ્રભાઇ કડીવારના હસ્તે રીબીન કાપી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. પોરબંદરના સાંસદ રમેશભાઇ ધડુક-રાજયસભાના સાંસદ રામભાઇ મોકરીયા, પૂર્વ મંત્રી ચીમનભાઇ શાપરીયા વગેરે ઉપસ્થિત રહયા હતા.



શ્રી રવિકુમાર ભારદીયાના જન્મદિન પ્રસંગે શ્રી અમૃતલાલ ભારદીયા, રંજનબેન ભારદીયા, જગુભાઇ ભારદીયા, હર્ષાબેન ભારદીયા વગેરેએ પુષ્પાંજલી અર્પણ કરી હતી.



શ્રી અમૃતલાલ ભારદીયાનું સન્માન



રામભાઇ મોકરીયાના હસ્તે દાતા સન્માન

ત્યારબાદ રવિ ટેકનોફોર્જ (રાજકોટ)ના ચેરમેન અમૃતલાલ ભારદીયા તરફથી મળેલા રૂા. ૩૧.૫૦ લાખના અનુદાનથી તૈયાર કરવામાં આવેલ શ્રી રવિકુમાર ભારદીયા ભવનનું ઉદઘાટન શ્રી અમૃતલાલ ભારદીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ભારદીયા પરિવારના મિત્ર અને જગુભાઇ ભારદીયાના પાર્ટનર શ્રી રણમલભાઇ ખુંટી જે મુળ પોરબંદરના છે અને હાલ દુબઇ બીઝનેશ ધરાવે છે. તેના તરફથી મળેલા રૂા. ૧૫ લાખના અનુદાનથી અદ્યતન સુવિધાથી સજજ શ્રી જેઠાભાઇ ખુંટી ભોજનાલય તૈયાર કરાયું છે. આ ભોજનાલયનું ઉદઘાટન શ્રી રણમલભાઇ ખુંટીના માતુશ્રી ઝાંઝીબેન જેઠાભાઇ ખુંટીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. શ્રી રણમલભાઇ ખુંટી અને કન્યા છાત્રાલય રાજકોટના ચેરમેન જગુભાઇ ભારદીયા પણ સાથે રહયા હતા.

## સમાજના સારા કામ માટે દાન આપવા હંમેશા તત્પર છું : શ્રી અમૃતલાલ ભારદીયા



પોરબંદરના સાંસદ રમેશભાઇ ધડુકે પ્રાસંગિક ઉદબોધનમાં કહયું કે, સંસ્થા ચલાવવી અઘરી છે. કિરણબેન નોકરી છોડી જે રીતે સંસ્થા ચલાવે છે. તે પ્રસંશનીય છે. સંસ્થાનું વાતાવરણ અવારનવાર આવવાનું મન થાય તેવી છે. મનોદિવ્યાંગ બાળકો ભગવાનનું સ્વરૂપ છે અને આવા ભગવાન સ્વરૂપ બાળકોની સંસ્થા માટે માતબર દાન આપી અમૃતલાલ ભારદીયાએ પુણ્યનું ભાથુ બાંધ્યું છે. તેમણે આપેલ દાન અવશ્ય ઉગી નીકળશે.


પૂર્વ મંત્રી ચીમનભાઇ શાપરીયાએ સંસ્થાની પ્રવૃત્તિને બિરદાવી હતી. અને ટ્રસ્ટીઓને અભિનંદન આપ્યા હતા.

રાજયસભાના સાંસદ રામભાઇ મોકરીયાએ કેન્દ્ર સરકાર વતી સંસ્થાને અભિનંદન આપી અને મનોદિવ્યાંગ બાળકો માટે માતબર દાન આપનાર અમૃતલાલ ભારદીયા અને જમીન માટે દાન આપનાર દાતા સહિતના દાતાઓને અભિનંદન આપ્યા હતા. અને આવા દાતાની ભગવાનના દુતો સાથે સરખામણી કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અંગે કહયું કે, આજે આખી દુનિયાની મીટ નરેન્દ્ર મોદી તરફ મંડાયેલ છે. તેઓ દ્વારા નવા ભારતના સંકલ્પને સાકાર કરવા સૌએ સહકાર આપવા અપીલ કરી હતી. સાથોસાથ પોતાને મળતી ગ્રાન્ટમાંથી કમ્પાઉન્ડ વોલ માટે રૂા. ૧૧ લાખની ગ્રાન્ટ સંસ્થાને આપવાની જાહેરાત કરી હતી. અને પોતાના તરફથી પણ આર્થિક યોગદાન આપવાનું જાહેર કર્યું હતું.

અમૃતલાલ ભારદીયા વર્ષો જુના મિત્ર હોવાનું જણાવી તેમના દ્વારા સેવાકાર્યમાં અપાતા યોગદાનની પ્રસંશા કરી હતી.


અમૃતલાલ ભારદીયાએ પ્રાસંગિક ઉદબોધનમાં ગામ-પરગામની મહેમાનોની ઉપસ્થિતિ બદલ આનંદ વ્યકત કરી

# ઝાંઝીબેન ખુંટીના હસ્તે શ્રી જેઠાભાઇ ખુંટી ભોજનાલય ખુલ્લુ મુકાયુ





ઝાંઝીબેન ખુંટીના હસ્તે ભોજનાલય ખુલ્લુ મુકાયુ. રણમલભાઇ ખુંટી, જગુભાઇ ભારદીયા સાથે રહયા હતા.





રંજનબેન ભારદીયા, હર્ષાબેન ભારદીયા અને બહેનો દ્વારા કિરણબેનનું સન્માન

જણાવ્યું હતું કે રામભાઇ મોકરીયા સાથે મારે વર્ષો જુની મિત્રતા છે. મારા પુત્ર રવિના આકસ્મીક અવસાન સમયે તેઓ સૌ પહેલા પહોંચ્યા હતા અને ૪ દિવસ સાથે રહીને મારા પરિવારને હુંફ આપી હતી. મારા એ કપરા દિવસોમાં ડીવાયએસપી બી.એસ. જાડેજા પણ સાથે રહયા કિશોરભાઇ ખંભાયતા પણ ત્વરીત દુબઇથી આવી ગયા હતા. મારા પત્નીને ધન્યવાદ કે હું રડતો અને તે મને છાનો રાખતી. તેમણે કહયું હતું રવિ ૨૪ વર્ષ તો સાથે રહયો, આટલો મોટો પરિવાર આપણો જ છે. તે દિવસથી રવિ ટેકનોફોર્જના પરિવારને જ મારો જ ગણુ છું. મારા માતુશ્રીએ પણ ઘણુ આશ્વાસન અને સાથ આપ્યો. તેમણે કર્મકાંડ ન કરવા કહયું અને અમે ૪થા દિવસે કામે લાગી ગયા હતા. મારા ભાઇ રાજુએ ૧૧માં દિવસે રવિની સ્મૃતિમાં કિડની હોસ્પિટલને ૧૧ લાખનું દાન આપવા સુચન કર્યું અને અમે આપ્યું. રવિ ફેકટરીમાં ૨૦ ટકાનો ભાગીદાર હતો તેથી તે હયાત સમજીને જ અમે માત્ર કાર્યમાં અનુદાન આપીએ છીએ અને આપતા રહીશું. તેમણે ક્રિયકાંડ પાછળ કરોડો રૂપિયા ખર્ચવાને બદલે સારા કામમાં વાપરવાની હિમાયત કરી હતી. આ ઉમદા વિચારના અમલ બાદ પોરબંદરના આર્ય સમાજે મારું સન્માન પણ કર્યું હતું.

રવિ ભારદીયા ભવનના નિર્માણની પૂર્વ ભૂમિકા અંગે કહયું કે, જામનગરના પાસેના સણોસરા ગામના એક બાળક માટે મનોદિવ્યાંગ સંસ્થાની જરૂર પડી ત્યારે ચારેક સંસ્થાઓએ ના પાડી. ઉપલેટાના જ ધનજીભાઇ પંચાસરા મને ઉપલેટા લઇ આવ્યા. અને સંસ્થાનો પરિચય થયો. ત્યારબાદ જામનગરના દિલીપભાઇ ભારદીયા અને તેની ટીમ સાથે અમે આવ્યા અને ભાડામાં રહેતા મનોદિવ્યાંગ બાળકોની હાલત જોઇને મને આંખમાં પાણી આવ્યા. સંસ્થાને જમીન દાનમાં મળેલી જ હતી. આ સમયે મેં કહયુ સંસ્થા અમારું રવિ ટેકનોફોર્જ બાંધી આપશે. આમ સંસ્થાના નવા ભવનનું નિર્માણ થયું. તેમણે કહયું દિવ્યાંગ બાળકો ભગવાન સમાન છે. અને આ સંસ્થા માટે દાનની સરવાણી વહેતી જ રહેશે. સંસ્થાના નિર્માણથી ઉપલેટા મારૂ જ શહેર હોવાની અનુભૂતિ થાય છે.

રામભાઇ મોકરીયાની કાર્યશેલી અને તેમના માનવીય ગુણોની પ્રસંશા કરી તેમણે કહયું કે તેઓ કડકડાઇથી કામ લે છે અને કોઇની સાડી બાર રાખતા નથી.




જામનગર સમાજના ટ્રસ્ટી દિલીપભાઇ ભારદીયાએ શ્રી અમૃતલાલ ભારદીયા દ્વારા માત્ર સુથાર સમાજ જ નહીં અન્ય સમાજ માટે પણ થતા સેવા કાર્ય અને અનુદાનની વિસ્તૃત છણાવટ કરી હતી.

આ પ્રસંગે રાજકોટ-જામખંભાળીયા, જામનગર, લાલપુર, પોરબંદર સહિતના શહેરમાંથી આવેલા સમાજના આગેવાનોએ શ્રી અમૃતલાલ ભારદીયાનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

આ પ્રસંગે સીદસર વિદ્યાપુરા શૈક્ષણિક સંકુલના વિદ્યાર્થીઓએ એક ટંકનું ભોજન જતુ કરી એકત્ર કરેલ રૂા. ૫ લાખની રકમનું અનુદાન જાહેર કર્યું હતું. આ ઉપરાંત રાજકોટના પુષ્પાબેન જલુ તરફથી ૩.૩૩ લાખ, સુરતના અશ્વિનભાઇ જાવીયા તરફથી ત્રણ લાખ



શ્રી ચીમનભાઇ શાપરીયા



શ્રી રમેશભાઇ ધડુક



શ્રી મયુરભાઇ સુવા



શ્રી નરેન્દ્ર ઝીબા





## શ્રી અમૃતલાલ ભારદીયા અમારા નહીં સમગ્ર સમાજ માટે પ્રેરણારૂપ છે : દિલીપ ભારદીયા



એક હજાર, રાજકોટના સુરેશભાઇ ફળદુ તરફથી ૨.૫૯ લાખ અને ઉપલેટાના ડી.ડી. જવેલર્સ તરફથી ૨.૫૧ લાખ, પ્રાણલાલ બામરોલીયા તરફથી ૧ લાખનું, રમેશભાઇ તલસાણિયા તરફથી ૫૧,૦૦૦, ધનજીભાઇ પંચાસરા તરફથી ૫૧,૦૦૦, નવનીતભાઇ માંડવીયા તરફથી રૂા. ૫૧,૦૦૦ અનુદાન જાહેર થયું હતું. તમામ દાતાઓનું ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આભાર દર્શન કિરણબેન પીઠીયાએ કર્યુ હતું.

સંસ્થાના ટ્રસ્ટી ધનજીભાઇ પંચાસરા કે જેઓ મુળ ઉપલેટાના છે અને શ્રી રવિકુમાર ભારદીયાના નિર્માણમાં તેઓએ સારી જહેમત ઉઠાવી છે. બાંધકામ ચાલતુ હતુ ત્યારે તેઓએ અવારનવાર ઉપલેટા આવીને માર્ગદર્શન પુરૂ પાડયું હતું. સમારોહ યોજાયો તેનાથી ૨ દિવસ વહેલા પહોંચીને આ કાર્યક્રમના આયોજનમાં સહયોગી બન્યા હતાં.

દિવ્યજયોત મનોદિવ્યાંગ સંસ્થાના ટ્રસ્ટીઓ કિરણબેન પીઠીયા, મયુરભાઇ સુવા, જયેશભાઇ હરસોરા, રાજકોટના ધનજીભાઇ પંચાસરા, હરેશભાઇ કરશનભાઇ રામ, નીતિનભાઇ સાપડીયા, સંજયભાઇ મુરાણી, દિલીપભાઇ ભુત અને રમેશભાઇ પીઠીયા વગેરેએ આયોજન સફળ બનાવ્યું હતું. કાર્યક્રમ બાદ સૌએ પ્રીતિ ભોજન માણ્યા બાદ ટીકરવાળા જગાભાઇના શ્યામ સુંદર ગ્રુપ દ્વારા 'કાન ગોપી' કાર્યક્રમ થયો હતો જે વહેલી સવાર સુધી લોકોએ માણ્યો હતો.



રણમલભાઇ ખુંટીનું ચીમનભાઇ હસ્તે સન્માન, બાજુમાં જાણીતા લેખક શ્રી શરદ ઠાકર અને ફુલછાબના મેનેજર શ્રી નરેન્દ્રભાઇ ઝીબા



ટ્રસ્ટી ધનજીભાઇ પંચાસરાના હસ્તે દાતા સન્માન


# સંચાલક કિરણબેન પીઠીયાનું વિવિધ સંસ્થા દ્વારા સન્માન


કિરણબેન અને રમેશભાઈનું સન્માન


મહિલાઓ દ્વારા કિરણબેનનું સન્માન


પ્રાણલાલભાઈનું સન્માન


જામખંભાળીયાના હરૂભાઈ, પ્રાણલાલભાઈ વગેરે દ્વારા રમેશભાઈ અને કિરણબેનનું સન્માન


ટીકરવાળા જગાભાઈના શ્યામ સુંદર ગ્રુપ દ્વારા રજુ થયેલ કાનગોપીનો રાસ વહેલી સવાર સુધી માણ્યો હતો. શ્રી અમૃતલાલ ભારદીયાએ કલાકારોનું સન્માન કર્યું હતું.

કાર્યક્રમમાં પૂર્વ મંત્રી બળવંત મણવર, ઉપલેટા તા.પં. પ્રમુખ વિનુભાઈ ચંદ્રવાડીયા, રાજકોટના ઉદ્યોગ પુનિતભાઈ ચોવટીયા, દિનેશભાઈ અમૃતિયા, ભાવેશભાઈ સુવા, રાજકોટ ગુ.સુ. જ્ઞાતિ પ્રમુખ રસીકભાઈ બદ્રકિયા અને તેની ટીમના હર્ષદભાઈ બકરાણિયા, નીતિનભાઈ બદ્રકિયા, મગનભાઈ બોરાણીયા, જામનગર શ્રી ગગુભા જાડેજા, ઉપલેટાના નિલુભાઈ ગોંધિયા, ઉપલેટાના પી.આઈ. કે. કે. જાડેજા, શ્રી જગુભાઈ ભારદીયા, શ્રી શાંતિભાઈ ભારદીયા, જીતેશભાઈ ડેર, ભુદરજીભાઈ સંચાણિયા, પરાગભાઈ શાહ, નાથાભાઈ સુવા, જીતુભાઈ માંકડીયા, વિનુભાઈ ભારદીયા, ખંભાળીયાના હરૂભાઈ વઘાડીયા, પ્રાણલાલ બામરોલીયા, પ્રફુલ પનારા, દાનાભાઈ ચંદ્રવાડિયા, શ્રી રમેશભાઈ તલસાણિયા(મારૂતિ), નરેન્દ્રભાઈ કડીવાર, શ્રી રાજેન્દ્રભાઈકુમાર ચતુર્વેદી, ચેતનભાઈ કડીવાર, હિનાબેન અઘેડા, કુસુમબેન સાંકડેચા સહિતના મહાનુભાવો સ્ટેજ પર બિરાજમાન હતા. જેઓનું ટ્રસ્ટીઓ દ્વારા સન્માન કરાયું હતું.

# પોરબંદર બન્યુ બાલા હનુમાનમય


- પ્રવીણ ગજજર




## કેતનભાઇ ગજજરના નેતૃત્વમાં ૧૮માં વર્ષે હનુમાન જયંતીની અનેરી ઉજવણી

પોરબંદરમાં સુદામા ચોકમાં આવેલા બાલા હનુમાન મંદિરમાં બાલા હનુમાન જયંતીની પ્રતિ વર્ષની માફક આ વર્ષે એટલે કે ૧૮માં વર્ષે પણ ભાવભકિત અને કોમી એખાલસ ભર્યા વાતાવરણમાં ભવ્ય ઉજવણી થઇ હતી. પોરબંદરના ખુણે ખુણામાંથી ભાવિકો ઉજવણી કરવા આવ્યા. રામધુનની રમઝટ વચ્ચે સાંજના આરતી થયા બાદ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું અને ગણતરીના સમયમાં અઢી લાખ જેટલા લાડુનુ વિતરણ કરવામાં આવ્યું હતું. હનુમાનજીની જયંતીની ઉજવણીમાં સેવાકીય પ્રવૃતિ પણ સાંકડી લેવામાં આવી હતી. રકતદાન એ મહાદાનને સુત્ર સાર્થક કરવા રકતદાન કરવા લોકો ઉમટી પડયા હતા અને ૧૯૦૦ બોટલ જેટલુ રકતદાન થયુ માત્ર ૧૦ કલાકના સમયમાં આટલુ મોટુ રકતદાન એ એક રેકર્ડ હશે. હનુમાન જયંતીની ઉજવણી માટે સાંસદ રમેશભાઇ ધડુક, પૂર્વ મંત્રી બાબુભાઇ બોખીરીયા પણ હાજર રહયા એટલુ જ નહીં તેમના હસ્તે ભકતજનોને લાડુનુ વિતરણ પણ કરવામાં આવ્યું. પોરબંદરનું રતન કહી શકાય એવા યુવા-સાહસિક ઉદ્યોગપતિ કેતનભાઇ ગજજર આવુ આયોજન તેમની







## અઢી લાખ લાડુના પ્રસાદનું થયું વિતરણ

ટીમના સહકારથી કરી રહયા છે. સૌરાષ્ટ્રમાં હનુમાન જયંતીની ઉજવણી તો ઠેરઠેર થાય છે. પરંતુ પોરબંદરમાં બાલા હનુમાનએ થતી હનુમાન જયંતીની ઉજવણી સૌથી ન્યારી છે. આવી ઉજવણી કોઇ શહેરમાં થતી નથી. બાલા જયંતીની હનુમાન જયંતીની ઉજવણીએ સમગ્ર પોરબંદરનો ઉત્સવ બની ગયો છે. પોરબંદરનું એક પણ ઘર એવું નહીં હોય જયાં હનુમાનજીનો પ્રસાદ ન પહોંચ્યો હોય.

### મંદિરની સ્થાપના

પોરબંદરના સુદામા ચોકમાં બિરાજતા બાલાજી હનુમાનજી સૌ કોઇ માટે આસ્થાનું પ્રતિ છે. આ બાલા હનુમાનજીની સ્થાપના રજવાડાના સમયમાં થઇ. પોરબંદરના હાઇનેસના કહેવાથી કેતનભાઇ ગજ્જરના દાદા ગોવિંદભાઇ ગજ્જરે આ બાલા હનુમાનજી મંદિરનું નિર્માણ કર્યુ હતું. આ મંદિર વેપારી માટેનો અતુટ આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક છે.

### આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક

બાલા હનુમાન સૌ માટે આસ્થા અને શ્રદ્ધાનું પ્રતિક છે. ખાસ કરીને વેપારીમાં જયારે સવારે દુકાન ખોલે તે પૂર્વે બાલા હનુમાનજીએ અવશ્ય શીશ ઝુકાવે છે. એટલુ જ નહીં વેપારીઓ પ્રસાદના લાડુ બનાવવાની સેવામાં જોતરાઇ છે એટલુ જ નહીં આજુબાજુની શેરીના તમામ વેપારીઓ હનુમાન જયંતીએ બે થી ત્રણ દિવસ ધંધા રોજગાર બંધ





## સાંસદ રમેશભાઇ ધડુક અને અન્ય મહાનુભાવોએ પણ પ્રસાદ વિતરણનો લહાવો લીધો



રાખી બાલા હનુમાનમય બની જાય છે.

### લાડુનો પ્રસાદ

બાલા હનુમાનજી મંદિરે હનુમાન જયંતીએ અપાતા લાડુનો પ્રસાદ ભકતો માટે આકર્ષણરૂપ છે. આ વર્ષે અઢી લાખ જેટલા લાડુનુ વિતરણ કરવામં આવ્યું. આ લાડુ બનાવવા માટે ૭૫૦ થી ૮૦૦ કાર્યકરો 'સેવા'માં લાગ્યા હતા. લાડુ બનાવી પ્લાસ્ટીકના કન્ટેનરમાં લાડુ ઉપરાંત બાલા હનુમાનજીની છબી પણ મુકવામાં આવે છે. શહેરના જાણીતા તબીબો-વેપારીઓ-મહિલાઓ- બાળકો સેવામાં જોડાય છે. પ્રસાદના બોસ તૈયાર કરી અને આજુબાજુની શેરીની દુકાનોમાં સ્ટોર કરવામાં આવે છે. આ લાડુના પ્રસાદ માટે ચારેય બાજુના રસ્તા પર હજારો ભાઇ-બહેનો બાળકોની લાઇન લાગે છે અને સાંજે બાલા હનુમાનજીની આરતી બાદ લાડુ પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે સાંસદ રમેશભાઇ ધડુક, પૂર્વ મંત્રી બાબુભાઇ બોખીરીયા સહિતના મહાનુભાવોએ તેમના હસ્તે લાડુ પ્રસાદનું વિતરણ કર્યું હતું. કુલ ૫૦ હજાર જેટલા બોકસમાં અઢી લાખ જેટલા લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### ઉજવણીનું ૧૮મું વર્ષ

બાલા હનુમાનજી મંદિરે હનુમાનજીની ઉજવણી ૨૦૦૫ થી શરૂ કરવામાં આવી. આ ઐતિહાસિક અવસરના સુત્રધાર કેતનભાઇ ગજજર વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહે છે. ૨૦૦૫થી બાલા હનુમાને હનુમાન જયંતીની ઉજવાય છે. કોઇ પાસેથી કાંઇપણ જાતનો ફાળો



શ્રી ભરતભાઇ ઓડેદરા સહિતના મહાનુભાવો સાથે કેતનભાઇ ગજજર

## બાલા હનુમાન જયંતિ ઉત્સવ : કોમી એખલાસનું અનેરૂ પ્રતિક

પોરબંદરમાં યુવા ઉદ્યોગપતિ અને દાતા શ્રી કેતનભાઇ ગજજર દ્વારા બાલા હનુમાને ઉજવાતી હનુમાન જયંતી નિમિત્તે જે રકતદાન કેમ્પ યોજાય છે તે વી.જે. શૈક્ષણિક સંકુલમાં યોજાય છે સંકુલના સંચાલક ફારૂકભાઇ સુર્યા રકતદાન કેમ્પની સુવિધા કરી આપે છે. રકતદાનનું ૧૧મું વર્ષ હતું. અને આ વર્ષે પણ આજ સંકુલમાં રકતદાન કેમ્પ યોજાયો. એટલુ જ નહીં રમઝાન મહીનો ચાલતો હોવા છતાં આ કેમ્પ યોજાય છે અને નમાઝ દરમ્યાન તમામ તકેદારી રખાય છે. હિંદુ ધર્મના તહેવ-ારમાં રકતદાન કેમ્પ મુસ્લિમ શૈક્ષણિક સંકુલમાં ઉજવાય એટલુ જ નહીં ભોજન-પ્રસાદની પણ વ્યવસ્થા ગોઠવાય આનાથી બીજુ કોમી એખલાસનું દૃષ્ટાંત કયુ હોઇ શકે. ગાંધીજીની ભૂમિમાં આ વાતાવરણ સોનામાં સુગંધ છે.

## રકતદાન કેમ્પમાં ૧૯૦૦ બોટલનું ઐતિહાસિક રકત એકત્ર થયું

પોરબંદરમાં સુદામા ચોકમાં આવેલ બાલા હનુમાન જયંતીની ઉજવણી અંતર્ગત આ વર્ષે સતત ૧૧માં વર્ષે વી.જે. મદ્રેસા શૈક્ષણિક સંકુલમાં શ્રી કેતનભાઇ ગજજરના નેતૃત્વમાં રકતદાન કેમ્પ યોજાયો અને અધધધ ૧૯૦૦ બોટલનું રકતદાન થયું. હનુમાન જયંતીએ આટલુ મોટુ રકતદાન એક રેકર્ડ સમાન છે. ૧૮૦૦ બોટલનો રેકોર્ડ હતો. જે ટાર્ગેટ વટી ગયો અને ૧૮૦૦ બોટલ રકતદાન થયું. તમામ રકતદાતાઓને પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ કેતનભાઇ ગજજર દ્વારા સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. રકતદાનમાં આવેલ લોહી પોરબંદરની બ્લડ બેંકો, સરકારી બેંકો, ઉપરાંત વિશ્વની સૌથી મોટી રેડક્રોસને તેમજ જામનગરની સિવિલ હોસ્પિટલ, અમદાવાદની સિવિલ હોસ્પિટલના દર્દીઓને લોહી પુરૂ પડાય છે. રકતદાન કેમ્પની વિશેષતા એ છે કે હિમોગ્લોબીન સહિતના ટેસ્ટ કર્યા પછી જ રકતદાતાનું લોહી લેવામાં આવે છે. કેમ્પનું આયોજન અનુપ ખીમજી સેદિયા, શીગન પતરાવાળા, નિલેશ મકવાણાની સ્મૃતિમાં યોજાય છે.

## પોરબંદર બન્યુ બાલા હનુમાનમય

(પાના નં. ૨૨થી ચાલુ)

લેવાતો નથી. હનુમાન જયંતીની ઉજવણી શરૂ કરી ત્યારે પ્રથમ વર્ષ ૫૦૦ લોકોને પ્રસાદ અપાયો હતો. દિન પ્રતિદિન મહિમા વધતો ગયો અને આ વર્ષે ૫૦ હજાર ઘર સુધી અઢી લાખ લાડુ પ્રસાદ વિતરણ થશે. કેતનભાઇ કહે છે. નાત-જાતના ભેદભાવ વગર ૭૫૦ થી ૮૦૦ કાર્યકરોની સેવા ભાવનાથી આ ઉત્સવની ઉજવણી કરી શકાય છે.

### સંધ્યા આરતી

પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ રામ-ધુન અને હનુમાનજીના ગાન સાથે સંધ્યા આરતી થઇ હતી. અશોક ભાયાણીના ધુન-ભજનની રમઝટ વચ્ચે અને ચારેય તરફ રોશનીના શણગાર વચ્ચે બાલા હનુમાન નજીક આવેલ કેતનભાઇ ગજજરના કલાભવનથી રેખાબેન ગજજર, કેતનભાઇ ગજજર, ખ્યાતિબેન કેતનભાઇ ગજજર, સાંસદ રમેશભાઇ ધડુક, પૂર્વ મંત્રી બાબુભાઇ બોખીરીયા વગેરે આરતી સાથે વાજતે ગાજતે બાલા હનુમાન પહોંચ્યા હતા. અને સૌએ આરતીનો લહાવો લીધો હતો.

### મહાનુભાવોની ઉપસ્થિતિ

બાલા હનુમાન જયંતીની ઉજવણી પ્રસંગે સાંસદ રમેશભાઇ ધડુક, પૂર્વમંત્રી બાબુભાઇ બોખરીયા, જીલ્લા ભાજપ પ્રમુખ રમેશભાઇ ઓડેદરા, પોરબંદરના નવનિયુકત કલેકટર કે.ડી. લાખાણી, ઇન્ચાર્જ પોલીસ વડા ડો. પાર્થરાજસિંહ ગોહીલ, ખારવા સમાજના વાણોટ પવનભાઇ કેશયાળ, પૂર્વ વણોટ સુજાલભાઇ ગોહેલ, મનીષભાઇ શીયાળ, ઇન્ટરનેશનલ મહેર પ્રમુખ કાઉન્સીલના પ્રમુખ વિમલજી ઓડેદરા, પૂર્વ સાંસદ ભરતભાઇ ઓડેદરા, ડો. ભરતભાઇ ગઢવી, સાજણભાઇ ઓડેદરા, ચેમ્બરના પ્રમુખ જીજ્ઞેશ કારીયા, ગીગનભાઇ બોખીરીયા, કિરીટભાઇ મોઢવાડીયા, ડિસ્ટ્રીકટ ચેમ્બર પ્રમુખ અનિલભાઇ કારીયા, પૂર્વ પ્રમુખ પદુભાઇ રાયચુરા, શાંતિભાઇ પોપટ, રાજકોટ કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઇ ભારદીયા, રાજકોટના પ્રમુખ રસીકભાઇ બદ્રકીયા, ધનજીભાઇ પંચાસરા, હર્ષદભાઇ બકરાણિયા સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને સુંદર આયોજન બદલ કેતનભાઇ ગજજરને અભિનંદન આપ્યા હતા.

# ઘરવલીયા પરિવાર દ્વારા મોરબીમાં માતાજીનો યજ્ઞ અને રૂદ્રી યજ્ઞ યોજાયો

## મુંબઈવાળા નાગજીભાઇ ઘરવલીયાના માર્ગદર્શન હઠળ કાર્યક્રમ સંપન્ન







કૃષ્ણનગર(ગુંગણ) મોરબી ગામે સ્વ. વાઘજીભાઇ ચદુભાઇ ઘરવલીયા (ગુંગણવાલા)ના કુટુંબ પરિવાર દ્વારા તા. ૧૬-૪-૨૩ના રોજ કુળદેવી માંનો નવચંડી યજ્ઞ અને હનુમાનજીની રૂદ્રી યજ્ઞનું ધાર્મિક આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞમાં શ્રીમતી ઉર્વીશાબેન અને દિનેશભાઇ ઘરવલીયાએ સાતક તરીકે બિરાજી ધર્મલાભ લીધો. જયારે હનુમાનજી મહારાજની રૂદ્ર યજ્ઞનો અભિષેક ચિંતનભાઇ દિનેશભાઇ ઘરવલીયા (રાજકોટ)ના હસ્તે કરવામાં આવેલ. ખોડા પીપરવાળા હરીશભાઇ જાનીએ આ ધર્મકાર્ય કરાવ્યું. આ પ્રસંગે પરિવારની બેન-દિકરીયું સંબંધીઓ-વેવાઇ વેલાઓ ઉપસ્થિત રહયા હતા.

આ અરસામાં ગામમાં શ્રીમદ ભાગવત ગીતાનું આયોજન ચાલતુ હતું. જેના વ્યાસાસને શ્રી જયંતીભાઇ શાસ્ત્રી(સુરેન્દ્રનગરવાળા) હતા. આ ભાગવત ગીતાનો લાભ પણ પરિવારે લીધો. અમારા પરિવારના આંગણે આવેલ જયંતીભાઇ શાસ્ત્રીનું નાગજીભાઇ વાઘજીભાઇ ઘરવલીયા(મુંબઇ)એ શાલ ઓઢાડી સન્માન કરી ભેટ-પુજા આપી હતી. આ પ્રસંગે શાસ્ત્રીજીએ આર્શીવચન આપેલ. નાગજીભાઇ ઘરવલીયાએ આનંદ વ્યકત કરી શાસ્ત્રીજીનો આભાર વ્યકત કર્યો હતો.

આ અવસરે ઉપસ્થિત સૌએ મહાપ્રસાદનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી. આયોજન માટે પરિવારના સૌ ભાઇ-બહેનોએ જહેમત ઉઠાવી હતી. સંપૂર્ણ વ્યવસ્થા મોરબીના અરવિંદભાઇ જગજીવનભાઇએ સંભાળી હતી. કુટુંબના વડીલ કાકા નાગજીભાઇ ઘરવલીયા(મુંબઇ)ના માર્ગદર્શન હેઠળ આ ધર્મકાર્ય સંપન્ન થયું હતું.

**અહેવાલ : નાગજીભાઇ વી. ઘરવલીયા (મુંબઇ)**

# દીઘલીયા હનુમાનજી સંકુલનો ૧૨ લાખના ખર્ચે જીર્ણોદ્ધાર : હનુમાન જયંતીની ઉજવણી

## ૪૦૦૦ વારનું સંકુલ વિવિધ સુવિધાઓથી સજ્જ કરાયું

- પ્રવીણ ગજ્જર









વાંકાનેર પાસે આવેલા દીઘલીયા ગામમાં હનુમાનજી તલસાણિયા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દીઘલીયા હનુમાનએ હનુમાન જયંતીન ભાવ-ભકિત સભર વાતાવરણમાં પ્રતિવર્ષની માફક આ વર્ષ પણ ઉજવણી થઇ હતી. જેમાં ગામે-ગામથી ઉપસ્થિત તલસાણિયા પરિવાર અને આમંત્રિતોએ ઉપસ્થિત રહી હનુમાનજીના ભાવ-ભકિતથી દર્શન કરી યજ્ઞના દર્શનનો લહાવો લીધો હતો.


દીઘલીયામાં દીઘલીયા હનુમાનજીનું મંદિર ૧૫૦ વર્ષ જુનુ છે અને ૪૦૦૦ વાર જેટલી વિશાળ જમીન પર આવેલ છે. જયાં હનુમાનજી ઉપરાંત દીઘલીયા મહાદેવ પણ બિરાજમાન છે. છેલ્લા ૪૦ વર્ષથી હનુમાન જયંતીની ઉજવણી થાય છે. પરંતુ આ વર્ષે ૧૨ લાખના ખર્ચે મંદિર સંકુલનો જીર્ણોદ્ધાર થયા બાદ પ્રથમવાર હનુમાનજી જયંતીની ઉજવણી તલસાણિયા પરિવારે અનેરો ઉત્સાહ સાથે હનુમાન જયંતીની ઉજવણી કરી.

મંદિર સંકુલમાં ૧૦૦ × ૨૫ ફૂટનો નવો શેડ બનાવાયો છે. અને ૫૦૦૦ ચોરસ ફુટની ટાઇલ્સ નાખવામાં આવી છે. રસોડામાં તેમજ રૂમમાં નવા પતરા નાખવામાં આવ્યા છે. સંડાસ બાથરૂમની સુવિધામાં પણ સુધારો કરવામાં આવ્યો છે. સંકુલમાં ૨૦૦૦ ફૂટ વિસ્તારમાં વોટરપ્રુફીંગ કરવામાં આવ્યો છે. તેમજ સમગ્ર વાયરીંગ અને પ્લમ્બીંગ નવેસરથી કરવામાં આવ્યું છે. આ જીર્ણોદ્ધાર માટે રમેશભાઇ તથા નવિનભાઇ અંબારામભાઇ (મારૂતિ) તરફથી અઢીલાખ, ભરતભાઇ(અમદાવાદ) તરફથી સવા લાખ, કાંતિભાઇ અને ભાઇઓ તરફથી દોઢ લાખ રૂપિયા ઉપરાંત અન્ય તરફથી અનુદાન પ્રાપ્ત થયું છે. જીર્ણોદ્ધાર માટે અમદાવાદથી રમેશભાઇ તલસાણિયા(મારૂતિ)એ દિવસો સુધી ધામા નાખ્યા હતા. કાંતિભાઇ અને લલીતભાઇએ પણ રાજકોટથી અવારનવાર જઇને સતત જીર્ણોદ્ધારમાં સહયોગ આપ્યો હતો.

આમ બારેક લાખના ખર્ચે જીર્ણોદ્ધાર પામેલ દીઘલીયા હનુમાનજીએ હનુમાન જયંતીએ સવારે શાસ્ત્રોકત વિધિથી પુજન અર્ચન કર્યા બાદ રમેશભાઇ અંબારામભાઇ, કાંતિભાઇ અને રમેશભાઇ પ્રેમજીભાઇએ હનુમાનજીની ધ્વજા ફરકાવી હતી.

હનુમાનજી અને મહાદેવના સાંનિધ્યમાં સવારથી યજ્ઞનો પ્રારંભ થયો હતો. યજ્ઞમાં યજમાન તરીકે રાજકોટના પ્રકાશભાઇ રમણીકભાઇ તથા દિપ્તીબેન, વિજયભાઇ ભરતભાઇ અને શ્વેતાબેન અને ધર્મેશભાઇ જયંતીભાઇ તથા હેમલતાબેન બિરાજમાન થયા હતા અને યજ્ઞનો લાભ લીધો હતો. બપોરે સાડા અગિયાર વાગ્યાના સુમારે સમગ્ર તલસાણિયા પરિવારની ઉપસ્થિતિમાં યજ્ઞમાં બીડુ હોમવામાં આવ્યું હતું અને ત્યારબાદ સૌએ સ્વરૂચી ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

# વિવિધ પરિવાર, સંસ્થા તથા યુવા ગ્રુપ દ્વારા હનુમાન જયંતીની ભાવભેર ઉજવણી



આપણા સમાજમાં જુદા જદા પરિવારમાં હનુમાનજી મહારાજ પુજાય છે એટલે તો અમુક પરિવાર, સંસ્થા કે યુવા ગ્રુપ ચૈત્ર શુદ-૧૫ના હનુમાન જયંતીના દિવસે પરિવારના હનુમાનજીના સ્થાનકે તો કોઇ પોતાના પરિવાર પોતાના માતાજીના સ્થાનક નજીક બીરાજતાં હનુમાનજીની જગ્યાએ ખુબ જ શ્રદ્ધા અને ભાવપૂર્વક હનુમાન જયંતીની ઉજવણી કરે છે. આ પ્રસંગે કોઇ આગલી સાંજે ધુન-ભજન તો કોઇ યજ્ઞ તો કોઇ પુજા-આરતી તથા પરિવાર દ્વારા સમુહપ્રસાદ(ભોજન) જેવા વિવિધ આયોજનો દ્વારા હનુમાન જયંતીની ઉજવણી કરે છે તે સમાચારોનું સંકલન અત્રે પ્રસ્તુત છે.

**સંકલન : જયંતીભાઇ નગેવાડિયા**

# પિલોજપરા પરિવાર દ્વારા જોધપર મુકામે ૫૩માં શ્રી હનુમાન જયંતી મહોત્સવની ઉજવણી

## વાંકાનેરમાં ભરતભાઇ પિલોજપરા દ્વારા ૯૦' × ૪૦'નો શેડ બાંધી આપવામાં આવ્યો







પિલોજપરા પરિવાર દ્વારા ચૈત્ર સુદ-૧૫ને તા. ૬-૪-૨૩ના રોજ વાંકાનેર પાસેના જોધપરા ગામે આવેલા પરિવારના શ્રી ખેરડીયા હનુમાન દાદાનાં સ્થાનેક ૫૩માં વર્ષે હનુમાન જયંતીની ઉજવણી સમસ્ત પરિવાર દ્વારા કરવામાં આવે છે.

આ પ્રસંગે આગલા દિવસે તા. ૫-૪-૨૩ બુધવારે રાત્રે ધુન-ભજન સંધ્યા રાખવામાં આવેલ તથા હનુમાન જયંતીના દિવસે સવારે હનુમાનદાદાની પુજા તથા આરતી કરવામાં આવેલ. બપોરે સમુહભોજન પ્રસાદનું આયોજન કરવામં આવેલ. જેમાં લગભગ ૮૫૦/૯૦૦ જેટલા પરિવારજનોએ ભોજન પ્રસાદ લીધો હતો. આ વર્ષે આ ભોજન પ્રસદના દાતા રાજકોટના અનિલભાઇ જીવનભાઇ પિલોજપરા હતા. આ હનુમાનદાદાનાં સ્થાનકે આ વર્ષ વાંકાનેરના ભરતભાઇ ઇશ્વરભાઇ પિલોજપરાએ પોતાના સ્વખર્ચે ૯૦ × ૪૦ સાઇઝનાં પતરાનો શેડ બાંધી આપેલ છે. દર વર્ષે મંડપના સમીયાણાના લગભગ રૂા. ૩૦ હજાર જેટલો ખર્ચ થતો હતો તે હવે આ શેડ બંધાતા બચશે.

આ પ્રસંગે રાજકોટ, મોરબી, અમદાવાદ વગેરે ગામ-શહેરોમાંથી પરિવારજનો પધાર્યા હતા. આ હનુમાન જયંતીની ઉજવણીને સફળ બનાવવા પિલોજપરા પરિવાર કમિટી ટ્રસ્ટ મેનેજમેન્ટના ટ્રસ્ટીઓમાં સુરેશભાઇ મધુભાઇ, ત્રિભોવનભાઇ, ભરતભાઇ તથા વસંતભાઇ તેમજ કાર્યવાહક સમિતિમાં પ્રમુખ હર્ષદભાઇ, ઉપ્રમુખ ભરતભાઇ તથા ખજાનચી બટુકભાઇ તેમજ કમિટી મેમ્બર્સના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# વડગામા(પંચાસીયા) પરિવાર દ્વારા રાતાવા તથા ખેંગડા હનુમાનજી ખાતે હનુમાન જયંતીની ઉજવણી







સમસ્ત વડગામા (પંચાસીયા) પરિવાર દ્વારા પ્રતિવર્ષની જેમ આ વર્ષ પણ ચૈત્ર સુદ-૧૫ને તા. ૬-૪-૨૩ના રોજ વાંકાનેર નજીકના રાતવા હનુમાન તથા ખેંગડા હનુમાન ખાતે હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે રાતાવા હનુમાનજી ખાતે યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. જેમાં યજ્ઞના યજમાનપદે પ્રવીણભાઇ કરશનભાઇ-નવસારી, કિશોરભાઇ કરશનભાઇ-તરઘડી, પ્રકાશભાઇ પ્રાગજીભાઇ-રાજકોટ તથા સુનિલભાઇ જેન્તીભાઇ-રાજકોટ રહયા હતાં. પરિવારે યજ્ઞનો લાભ લીધો હતો. અને બપોરે યોજાયેલ મહાપ્રસાદના દાતા પણ આ ચાર પરિવારો રહયા હતા.

ખેંગડા હનુમાન ખાતે યોજાયેલ યજ્ઞમાં યજમાન પદે સંદિપભાઇ વડગામા તથા અંકિતભાઇ કિશોરભાઇ પરિવાર રહયા હતાં. આ પ્રસંગે રાજકોટ, અમદાવાદ, મુંબઇ, મોરબી તથા ગ્રામ્ય વિસ્તારનાં લગભગ ૪૦૦ જેટલા પરિવારજનો પધાર્યા હતાં. અને યજ્ઞના દર્શન તથા બપોરના મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ હનુમાન જયંતી ઉજવણીમાં વડગામા (પંચાસીયા) પરિવારજના આગેવાનો તથા કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

## ખંભાળીયામાં જ્ઞાતિ દ્વારા હનુમાન ચાલીસાના પાઠ કરી હનુમાન જયંતીની ઉજવણી કરાઇ





ગુર્જર સુતાર જ્ઞાતિ ખંભાળીયા દ્વારા લગભગ છેલ્લા ૧૫-૧૬ વર્ષથી હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૬-૪-૨૩ના રોજ હનુમાન જયંતીના દિવસે વિશ્વકર્મા દાદાના મંદિરે બપોર ૪ વાગ્યાથી ૮ વાગ્યા સુધી હનુમાન ચાલીસાના પાઠ રાખવામાં આવેલ. જેમાં લગભગ ૧૦૦ જેટલા જ્ઞાતિજનોએ લાભ લધી હતો. સાંજે હનુમાન ચાલીસાના પાઠ બાદ મહાઆરતી કરવામાં આવે છે અને દાદાને થાળ ધરાવવામાં આવે છે. આ હનુમાન જયંતીની ઉજવણી જ્ઞાતિના આગેવાનો દ્વારા કરવામાં આવે છે.

## તલસાણિયા (રાજાવડલા) પરિવાર દ્વારા આડા હનુમાનજી ખાતે હનુમાન જયંતીની ઉજવણી

તલસાણિયા (રાજાવડલા) પરિવાર દ્વારા ૨૯મો શ્રી હનુમાનજી જયંતી ઉત્સવની ઉજવણી તા. ૬-૪-૨૩ના રોજ હનુમાન જયંતીના દિવસે પરિવારના શ્રી આડા હનુમાનજી મંદિર મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના ચંદ્રપુર ખાતે ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે આગલા દિવસે તા. ૫-૪-૨૩ની રાત્રે ૯ થી ૧૨ કલાકે ધુન-ભજન રાખવામાં આવેલ તથા હનુમાન જયંતીના દિવસે સવારે ૯ થી ૧૨ દરમ્યાન મારૂતી યજ્ઞ રાખવામાં આવેલ. જેમાં યજમાન પદે ડ્રોમાં ભાગ્યશાળી બનનાર ત્રણ પરિવારમાં રાજેશભાઇ રાઘવજીભાઇ (અમદાવાદ), રસીકભાઇ વાઘજીભાઇ(રાજાવડલા-વાંકાનેર) તથા મનોજભાઇ હરગોવિંદભાઇ (રાજકોટ) બેઠા હતાં.

આ પ્રસંગે રાજકોટ, મોરબી, અમદાવાદ, વાંકાનેર સહિતના ગામ-શહેરમાંથી તલસાણિયા પરિવારના લગભગ ૨૫૦ જેટલા પરિવારજનો પધાર્યા હતા. અને યજ્ઞના દર્શન અને બપોરે મહાપ્રસાદ(ભોજન)નો લાભ લધી હતો. આ હનુમાન જયંતીની ઉજવણીમાં પરિવારના આગેવાનો નીતિનભાઇ ભુદરજીભાઇ, બીપીનભાઇ હરગોવિંદભાઇ, પ્રવીણભાઇ અમરશીભાઇ, ચેતનભાઇ કાંતીભાઇ તથા કલ્પેશભાઇ મનહરભાઇ તથા પરિવારના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# મોટી મોલડીવાળા સાંકડેચા પરિવારના યુવા ગ્રુપ દ્વારા આંબલીયા હનુમાનજી ખાતે હનુમાન જયંતીની ઉજવણી








મોટી મોલડીવાળા સાંકડેચા પરિવારના વાંકાનેર બાઉન્ડ્રી નજીક આવેલ મોટી મોલડી ગામે આવેલ પરિવારનાં કુળદેવી ચામુંડા માતાજીના તથા મહાકાળી માતાજીના મઢ ખાતે બાજુમાં આંબલીયા હનુમાનજી બિરાજે છે. આ આંબલીયા હનુમાનજી ખાતે પરિવારનાં સાંકડેચા પરિવાર યુવા ગ્રુપ દ્વારા છેલ્લા પંદર વર્ષથી હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ તા. ૬–૪–૨૩ને હનુમાન જયંતીના દિવસે યુવા ગ્રુપ દ્વારા દાદાની આરતી–પુજનનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે મોરબી, રાજકોટ, જામનગર સહિતના ગામેથી પરિવારના ૨૦૦ જેટલા પરિવારજનો ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે પરિવારની બહેન–દિકરીઓને પણ આમંત્રણ આપવામાં આવે છે. બપોરે પરિવાર માટે મહાપ્રસાદ રાખવામાં આવેલ.

આ હનુમાન જયંતીની ઉજવણી સાંકડેચા પરિવાર યુવા ગ્રુપ દ્વારા કરવામાં આવે છે અને યુવા ગ્રુપના સભ્યો દ્વારા જ બધો જ ખર્ચ ભોગવવામાં આવે છે. આ પ્રસંગની ઉજવણીને સફળ બનાવવામાં યુવા ગ્રુપના સભ્યો તથા કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# ખોરાળામાં ભાડેશીયા પરિવારના માતાજીના સાંનિધ્યમાં યજ્ઞ કાર્ય



રાજકોટ નજીક આવેલા ખોરાળામાં ૨૭૫ વર્ષ જુનો ચામુંડા માતાજીનો મઢ આવેલ છે. જેમાં ખોડીયાર માતાજી, બુટ ભવાની માતાજી અને ઘાવડી માતાજીના પણ બેસણા છે. ભાડેશીયા પરિવારના આ માતાજીના મઢે યજ્ઞ જેવા ધાર્મિક તહેવાર ઉજવાતા હોય છે. તાજેતરમાં માતાજીના સ્થાનકે યજ્ઞ કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞનાં સવારથી પ્રારંભ થયો હતો અને બારેક વાગ્યે બીડુ હોમવામાં આવ્યું હતું. યજ્ઞમાં કિંજલબેન અને વિપુલભાઇ નીમુબેન અને સુરેશભાઇ, બીનાબેન અને અતુલભાઇ, રંજનબેન અને વસંતભાઇ, તેજલબેન અને રૂપેશભાઇ, સ્મીતાબેન અને હરેશભાઇ, સોનલબેન અને ભરતભાઇ, મનીષાબેન અને દીપકભાઇ, હેતલબેન અને નિખિલભાઇએ બિરાજી યજ્ઞકાર્યનો લાભ લીધો હતો. યજ્ઞ બાદ ગામના પાદરમાં આવેલ મહાદેવના મંદિરમાં સૌએ ભોજન પ્રસાદ લીધો હતો.


સંજયભાઇ નારણભાઇ, જીતેશભાઇ નારણભાઇ(મોરબી), રાજેશ ગીરધરભાઇ, રૂપેશ ગીરીશભાઇ, સુરેશ ખીમજીભાઇ અને યમન માઘવજીભાઇ સહિતનાએ જહેમત ઉઠાવી આયોજન સફળ બનાવ્યું હતું.


# મુંબઇ વિશ્વકર્મા બાગમાં મેડીકલ કેમ્પનો ૫૯૨ સભ્યોએ લાભ લીધો

## બીમલભાઇ ભુટા અને તુષારભાઇ કથ્રેચાનું સફળ આયોજન









મુંબઇના વિશ્વકર્મા બાગ ખાતે વિશ્વકર્મા બાગના સભ્યો માટે તા. ૯-૪-૨૩ના રવિવારના રોજ ગુજરાતી સેવા સમાજ મુંબઇના ઉપક્રમે ફ્રી મલ્ટીસ્પેશ્યાલીટી મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઇ બીજેપીના સેક્રેટરી બિમલ ભુટા અને વિશ્વકર્મા બાગના સેક્રેટરી તુષારભાઇ કથ્રેચાએ કરેલ આ મેડીકલ કેમ્પનો ૫૯૨ જેટલા સભ્યોએ લાભ લીધો હતો. તબીબી સેવા અત્યારે ખુબ જ મોંઘી થઇ ગઇ છે. તેવો પરિસ્થિતિમાં યોજાયેલ મેડીકલ કેમ્પ સભ્યો માટે આશીર્વાદ રૂપ બન્યો હતો. કેમ્પને આક્રે ટેક્નોલોજીસ્ટ, પરફેક્ટ વિઝન, આદીનાથ ચેરીટેબલ ટ્રસ્ટ અને શીલાબેન ડી. શાહનો સહયોગ પ્રાપ્ત થયો હતો. સવારે ૧૦ થી ૨ દરમ્યાન યોજાયેલ કેમ્પમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાંત ડોકટરો ડો. એન.સી. જોષી, ડો. નિર્મલ ગુજરાતી, ડો. રૂજુલ ગુજરાતી, ડો. રશ્મી ફડણવીસ, પ્રનવ અગ્રવાલ, ડો. મયંક ખાંડવાલા, ડો. પરાગ વિભાકર, ડો. રાજુલ પટેલ, ડો. અવની પારેખ, ડો. સુનીલ ગાંધી, ડો. અનુજ તિવારી, ડો. કેયા શાહ અગ્રવાલ, ડો. ગૌરવ ડુંગરવાલા, ડો. શેલી ડુંગરવાલા, ડો. રીયા જૈન, ડો. પ્રાજકતા કદમ અને ડો. અવની પારેખે માનદ સેવા આપી હતી. ટ્રસ્ટીઓનો પણ સહયોગ રહયો.

### વિશ્વકર્મા કેળવણી મંડળના સહયોગથી

# સખી વૃંદ દ્વારા 'સખી સર્જનોત્સવ'

શ્રી રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના સહયોગથી રાજકોટની બહેનોની સંસ્થા ગજ્જર સખી વૃંદ દ્વારા તા. ૩૧-૫-૨૩ના રોજ શ્રી વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે 'સખી સર્જનોત્સવ' નામનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો છે. જેમાં બહેનોમાં રહેલી વસ્ત્ર પરિધાનના ક્ષેત્રમાં ડીઝાઇનની આગવી પ્રતિભાનો દર્શન થશે. રેમ્પ પર રજુ થનાર સર્જનાત્મકા માણવાનો સુવર્ણ અવસર છે.સખી સર્જનોત્સવ માટે પાંચ કેટેગરી રહેશે જેમાં (૧) મારૂ સર્જન (સંપૂર્ણપણે જાતે ડીઝાઇન કરેલ વસ્ત્રો) (૨) Me & Mom (૧૦ વર્ષના બાળક સાથે મમ્મી (૩) Summer Wear (ઉનાળુ કપડા, રંગો, સ્ટાઇલ) અને (૪) હમ-તુમ (Male-Female), અને (૫) Ceremomial Wear (પ્રસંગમાં પહેરવાના કપડા) વધુ વિગત માટે ડોલી તલસાણિયા - મો. ૯૮૨૪૨ ૦૦૨૧૪, રશ્મીબેન ખંભાયતા - મો. ૯૪૨૭૧ ૬૫૫૩૩, જયોત્સનાબે તલસાણિયા - મો. ૯૭૨૩૩ ૪૧૪૧૧, શોભનાબેન ધ્રાંગધરિયા - ૯૪૨૮૨ ૩૦૯૦૩, કિરણબેન ધ્રાંગધરિયા - ૯૦૮૧૦ ૧૨૩૭૩, આરતીબેન તલસાણિયા - મો. ૯૬૮૭૭ ૦૮૭૭૬, દીપાબેન વડગામા - ૯૮૯૮૮ ૧૮૬૫૩, કોઇપણ બે કેટેગરીમાં ભાગ લઇ શકાશે. રજીસ્ટ્રેશન ફી રૂા. ૫૦૦/- રહેશે. પ્રેકટીસ માટે આવવુ જરૂરી રહેશે.

## પાયોનીયર સીંગર પ્રસ્તુત કાર્યક્રમ

# 'યાદો કા કારવા'માં સંગીત પ્રેમીઓ ઝુમી ઉઠયા





જયુબેલી પાસે આવેલ ઇવનીંગ પોસ્ટમાં પાયોનીયર સીંગર પ્રસ્તુત કાર્યક્રમ 'યાદો કા કારવા' કાર્યક્રમમાં કરાઓકે ટ્રેક પર ૧૫ જેટલા કલાકારોએ બોલાવેલ ગીત સંગીતની રમઝટે બુધવારની સાંજ યાદગાર બનાવી હતી. પાયોનીયર સીંગરના આ પ્રથમ કાર્યક્રમમાં જ કલાકારોએ રજુ કરેલા યાદગાર ગીતોની રમઝટ બોલાવી સૌની વાહ વાહ મેળવી હતી.

કલાકારો ચંદ્રેશ ત્રેટીયા, કમલેશ ભારદીયા, મૌલિક ગજ્જર, નીલાબેન હીંડોચા, કાશ્મીરાબેન રાઠોડ, શૈલેષ કડેચા, ડો. રૂત્વીકા મહેતા, મનીષ પેશાવરીયા, ભાવનાબેન અંબાસણા, અરવિંદ ત્રેટીયા, રૂષીતા પટેલ, હરેશ ગજ્જરે રજુ કરેલા જુના અને અસ્મરણીય ગીતો સાંભળી વન્સ મોરના નારા પણ ગુંજી ઉઠયા હતા. ગુર્જર સુતાર જ્ઞાતિ પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજ્જર, હર્ષદભાઇ બકરાણિયા, મહેશભાઇ વડગામા, ઉમેશભાઇ અઘેરા, જયસુખભાઇ પંચાસરા, તેમજ કલાકારોના હસ્ત દીપ પ્રાગટય થયુ હતું. કાર્યક્રમના અંતે શ્રી પ્રવીણ ગજ્જર, મયુરી ત્રેટીયા, ઉમેશ ગજ્જર સહિતના મહાનુભાવોના હસ્તે કલાકારોને સન્માનીત કરાયા હતા. કાર્યક્રમનું સંચાલન મયુરી ત્રેટીયાએ કર્યું હતું. સંગીત પ્રેમીઓ કાર્યક્રમ માણવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

# સુથાર સમાજ ગુજરાતના પ્રમુખ ઠાકોર મિસ્ત્રીની રાષ્ટ્રીયસ્તરે નિમણુંક



તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ અખિલ ભારતીય શ્વિકર્મા વંશજ સર્વોત્થાન સંગઠનના રાષ્ટ્રીય સંમેલનમાં ગુજરાતના ઠાકોર મિસ્ત્રીને રાષ્ટ્રીય કાર્યકારીણીમાં સમાવી પ્રભાવી મંત્રી તરીકે સર્વાનુમતે નિયુકત કરાયા છે. દેશના જુદા જુદા રાજયોના ડેલીગેટસોની ઉપસ્થિતિમાં હાલમાં દિલ્હી ખાતે અખિલ ભારતીય વિશ્વકર્મા વંશજ સર્વોત્થાન સંગઠનનું એક રાષ્ટ્રીય સંમેલન યોજાયું હતું. જેમાં ઉત્તરપ્રદેશ, હરિયાણા, હિમાચલપ્રદેશ, રાજસ્થાન, પંજાબ, મહારાષ્ટ્ર તેમજ નવી દિલ્હી અને ગુજરાત સહિત ૧૩ પ્રતિનિધિઓની રાષ્ટ્રીય કાર્યકારીણી સમિતિ માટે વરણી કરાઇ હતી. આ ૧૩ પ્રતિનિધિઓમાં ગુજરાતના ઠાકોર મિસ્ત્રીને પણ સમાવાયા છે.

# દીપક સુથાર : મધ્યાહ્નને સુર્યાસ્ત



**: શબ્દાંજલી :**

**શૈલેષ સગપરીયા**

અમારી બેચનો એક એવો અધિકારી જે તમામ રીતે પૂર્ણ હતો. સિનિયર ક્લાસ-૧ અધિકારીના હોદા સુધી પહોંચ્યો પણ પદનું કોઈ જ અભિમાન નહિ. સામાન્યમાં સામાન્ય કર્મચારીને પણ ખૂબ પ્રેમથી મળે. સરકારી સેવાના ભાગ રૂપે કચેરીના પ્રશ્નો તો ઉકેલે પણ સાથે સાથે કર્મચારીઓના અંગત પ્રશ્નોના ઉકેલમાં પણ મહત્વની ભૂમિકા ભજવે અને પોતાનાથી જે શક્ય બને તે તમામ મદદ કરે.

૨૦ વર્ષની નોકરીમાં ચારિત્ર્ય પર કોઈ દાગ લાગવા નથી દીધો. પૂરી પ્રામાણિકતાથી નોકરી કરી. સદાય હસતો હોય અને બધાને હસાવતો હોય. પોતાની આર્થિક સ્થિતિ એટલી મજબૂત નહિ આમ છતાં પોતાની થોડી ઘણી બચતમાંથી બીજાને નાણાકીય મદદ પણ કરે. કસરત અને યોગ્ય આહાર-વિહારથી શરીરને ખૂબ સારું બનાવેલું પણ ખબર નહિ કેમ ભગવાને આટલા સારા માણસને જ કેન્સર આપ્યું.

કેન્સર ડિટેકટ થયા પછી પણ કુદરત તરફ કોઈ ફરિયાદની ભાવના નહિ. કોઈપણ જાતના વ્યસન વગર જીવન જીવતા હોય, ક્યારેય કોઈનું ખરાબ ન ઇચ્છ્યું હોય અને છતા કેન્સર થાય તો માણસ પડી ભાંગે પણ દીપક અડગ ઊભો રહ્યો. પોતાના ભયંકર રોગની કોઈ અસર એને ક્યારેય પોતાના કામ પર પડવા દીધી નથી. કેન્સરને કારણે એ ગાડી ચલાવી શકે એવી સ્થિતિમાં નહોતો એવા સંજોગોમાં ક્લાસ - ૧ અધિકારી બીજી વ્યવસ્થા કરી શકે એ સૌ કોઈ સમજી શકે છે પણ દીપકે એના પત્ની ચલાવી શકે એટલે એક્ટિવા લીધું અને એ પત્નીના ટુ- વ્હીલર પર બેસીને ઓફિસ પહોંચી જતો. આવી અવસ્થા પણ બજેટ તૈયાર કરવાથી લઈને તમામ પ્રકારના નાણાકીય કામ એમણે સમય મર્યાદામાં પૂર્ણ કર્યા છે.

સચિવાલયમાં વિભાગની તમામ મિટિંગોમાં એ હાજર જ હોય. કોઈ એમની તબિયત વિષે પૂછે તો હસીને જવાબ આપે 'મને ક્યાં કંઈ થયું છે ?' કોઈ અજાણ્યો માણસ કોઈ કામ માટે આવ્યો હોય તો એને ખબર પણ ન પડવા દે કે પોતે અસાધ્ય કેન્સર સામે ઝઝુમી રહ્યો છે. બીમાર સ્થિતિમાં પણ હાથમાં લીધેલું કામ પૂરું ન કરે ત્યાં સુધી શાંતિથી બેસે નહીં. મારો રોગ મારો છે જેના લીધે બીજો કોઈ માણસ કે કર્મચારી ક્યારેય હેરાન ન થવો જોઈએ એની પૂરી તકેદારી રાખે.

વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીનો પણ ગજબનો શોખ હતો. રવિવારની રજા હોય એટલે બાઈક અને કેમેરો લઈને ફોટોગ્રાફી માટે નીકળી પડે. એમને પાડેલા ફોટો તમે એના શક્ષતફિં ઈ'મ મશાફસ૧ઉાવજ્ઞઝિંલફિાવુ પર જુવો એટલે તમને થાય કે આ માણસ કેવો અદભૂત ફોટોગ્રાફર હતો. દીપક આદર્શ પુત્ર હતો, આદર્શ પતિ હતો, આદર્શ પિતા હતો, આદર્શ મિત્ર હતો, આદર્શ અધિકારી હતો, આદર્શ માણસ હતો.

બે દિવસ પહેલા એમણે કેન્સરના લીધે આ જગતમાંથી વિદાય લીધી. જીવનના છેલ્લા શ્વાસ સુધી આ માણસ હિંમતપૂર્વક જીવ્યો. એમના સેવા કાળ દરમ્યાન એણે કેટલાય એવા કામો કર્યા છે જેના લીધે એ કેટલાય લોકોના હૈયામાં કાયમ માટે જીવતો રહેશે.

પ્રભુ તારા આત્માને સદગતિ આપે. ૐ શાંતિ : શાંતિઃ શાંતિ :





ઘર બેઠા લવાજમ ભરો,
ઘર બેઠા વિશ્વકર્મા વિશ્વ મેળવો.

Paytm G Pay

**મો. ૯૦૯૯૯ ૪૯૫૮૫ પર Paytm અથવા G Pay કરો**
**અને આજ વોટસએપ નંબર પર આપનું એડ્રેસ મોકલી જાણ કરો...**

# વિશ્વકર્મા વિશ્વ


## શૈક્ષણિક વિશેષાંક



વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રેરણા મળે અને તેજસ્વી પ્રતિભાઓ બહાર આવે અને શિક્ષણ પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે 'વિશ્વકર્મા વિશ્વ' દર વર્ષે શૈક્ષણિક વિશેષાંક પ્રસિદ્ધ કરે છે. આ વર્ષે આગામી જુન અને જુલાઇના વિશ્વકર્મા વિશ્વ શૈક્ષણિક વિશેષાંક તરીકે પ્રસિદ્ધ થશે. ધો. ૧ થી ૯ના તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ SSC-HSCમાં ૯૦ કે તેથી વધુ PR મળ્યા હોય તેવા વિદ્યાર્થીઓએ તા. ૨૫ પહેલા વિગતો મોકલી આપવી. કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓ પણ વિગત મોકલી શકે છે.

**સંપર્ક : પ્રવીણ ગજ્જર – મો. ૯૦૯૯૯ ૪૯૫૮૫**

## બેસ્ટ સેલરમાં સ્થાન પામેલ પુસ્તક




સારા નરસા પ્રસંગોએ સ્મૃતિભેટ આપવા માટેનું શ્રેષ્ઠ પુસ્તક

# મારા દાદા શ્રી વિશ્વકર્મા

(સંક્ષિપ્તમાં વિશ્વકર્મા પુરાણ)

પાના - ૮૪, કિંમત રૂા. ૮૦

**૨૫થી વધુ નકલ મંગાવનારને ખાસ કન્સેસન પોસ્ટેજ ફ્રી**

: આજે જ સંપર્ક કરો :

**પ્રવીણ ગજ્જર**

**મો. ૯૦૯૯૯ ૪૯૫૮૫**

Ramy Publication

૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ.

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

# શ્રદ્ધાંજલી



## સ્વ. વિજયાબેન

### ભગવાનજીભાઈ વડગામા

### સ્વ. તા. ૨૫-૪-૨૦૨૩

વૈશાખ સુદ-૫, મંગળવાર



સૌજન્ય, સદ્‌ભાવ, સ્નેહ, સૌમ્યતા જેનો સ્વભાવ હતો,
સહજતા અને ઉદારતા જેના સદ્‌ગુણો હતા, પરમાર્થ અને પુરૂષાર્થ જેની
કર્મનિષ્ઠા હતી તેવા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**: પરિવાર :**

સ્વ. ભગવાનજીભાઈ માવજીભાઈ વડગામા (પતિ)
ભરતભાઈ ભગવાનજીભાઈ વડગામા (પુત્ર) - હરકાંતભાઈ ભગવાનજીભાઈ વડગામા (પુત્ર)
દિલીપભાઈ ભગવાનજીભાઈ વડગામા (પુત્ર) - હિતેષભાઈ ભગવાનજીભાઈ વડગામા (પુત્ર)
કિરણબેન રમણીકલાલ બકરાણિયા (પુત્રી) - કિર્તીબેન અતુલભાઈ ગોવિંદીયા (પુત્રી)

**: મોસાળ :**

સ્વ. ભાણજીભાઈ માધવજીભાઈ વાઘસણા (પિતા) - સ્વ. વસંતબેન બાબુલાલ કરગથરા (બેન)
પ્રવીણભાઈ ભાણજીભાઈ વાઘસાણા (ભાઈ) - રાજેન્દ્રભાઈ ભાણજીભાઈ વાઘસણા (ભાઈ)
રમેશચંદ્ર ધીરજલાલ વાઘસણા (ભાઈ) - રસિકભાઈ ધનજીભાઈ વાઘસણા (ભાઈ)
મુકેશભાઈ હરગોવિંદભાઈ વાઘસણા (ભાઈ)

**બન્ને પરિવારના જયશ્રીકૃષ્ણ**

VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**